દયાનંદ



શ્રી અરવિંદ



શ્રી અરવિંદ

દયાનંદ

લેખક

શ્રી અરવિંદ

અનુવાદક તથા સંપાદક

ભાવેશ મેરજા

પ્રકાશક

આર્યસમાજ

નવાડેરા, ભરૂચ - 392001

દયાનંદ : (Gujarati translation of two essays originally written in English by Sri Aurobindo - 1. Dayananda: The Man and His Work 2. Dayananda and the Veda. Translated and edited by Bhavesh Merja.)

લેખક : શ્રી અરવિંદ

અનુવાદક તથા સંપાદક : ભાવેશ મેરજા

પ્રકાશક : આર્યસમાજ, નવાડેરા, ભરૂચ - 392001.

મો. 9879528247, 9687244336

ગુજરાતી આવૃત્તિ : પ્રથમ, 1500 પ્રત. આસો-2080, ઑક્ટોબર 2024.

મહર્ષિ દયાનંદની દ્વિતીય જન્મ શતાબ્દી તથા આર્યસમાજ સ્થાપનાની સાર્ધ શતાબ્દીની ઉજવણીના ભાગ રૂપે વિશેષ પ્રકાશન

કિંમત : 25 રૂપિયા

મુદ્રક : રાજ ઓફસેટ, ધોબીઘાટ, અમદાવાદ. મો. 9662544282

પ્રાક્કથન

આર્યસમાજના પ્રવર્તક મહર્ષિ સ્વામી દયાનંદ સરસ્વતી 16 ડિસેમ્બર 1872ના રોજ કલકત્તા પહોંચ્યા હતા, જ્યાં તેમનો લગભગ સાડા ત્રણ મહિના નિવાસ રહ્યો. મહર્ષિના કલકત્તા આગમન સમયે શ્રી અરવિંદ ઘોષ માત્ર ચાર મહિનાના શિશુ હતા, જેમનો જન્મ કલકત્તામાં જ 15 ઓગસ્ટ 1872ના દિવસે થયો હતો. જોધપુરમાં વિરોધી તત્ત્વોએ આપેલા ઝેરને લીધે મહર્ષિનું 1883માં અજમેરમાં દેહાવસાન થયું. આમ, શ્રી અરવિંદ મહર્ષિને ક્યારેય મળ્યા નથી એ નિશ્ચિત છે.

મહર્ષિ દયાનંદે પોતાના કલકત્તા-પ્રવાસ દરમિયાન ત્યાંના લગભગ તમામ મુખ્ય સમાજસુધારકો તથા સામાજિક અને ધાર્મિક અગ્રણીઓને મળ્યા હતા અને તેઓની સાથે વેદપ્રચાર, દેશોદ્ધાર, સમાજસુધાર વગેરે વિશે ગંભીર વાર્તાલાપ અને વિચારવિમર્શ કર્યો હતો. અહીં તેઓ દેવેન્દ્રનાથ ટાગોર, કેશવચંદ્ર સેન, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, રામકૃષ્ણ પરમહંસ જેવા અનેક પ્રસિદ્ધ મહાનુભાવોને મળ્યા હતા, જેમાં શ્રી અરવિંદના નાના રાજનારાયણ બોઝનો પણ સમાવેશ થાય છે. બોઝ બ્રહ્મસમાજના અનુયાયી અને ભારતીય સંસ્કૃતિ તથા જીવનશૈલીના હિમાયતી હતા.

મહર્ષિ દયાનંદનો જન્મ 1825માં મોરબી પાસે આવેલા ટંકારા ગામમાં એક ચુસ્ત શિવભક્ત બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. તેમના પિતાજી પોતાના પુત્રને પરંપરાગત શિવભક્ત જોવા ઇચ્છતા હતા, પરંતુ દયાનંદે સાવ જુદો જ માર્ગ લીધો. તેઓ વિશુદ્ધ આર્ય ધર્મ અથવા વૈદિક ધર્મના માર્ગે ચાલ્યા અને ધાર્મિક તથા સામાજિક ક્ષેત્રે એક મહાન ક્રાંતિકારી તરીકે જગપ્રસિદ્ધ થયા. શ્રી અરવિંદ વિશે પણ કંઈક આવું જ છે. તેમના પિતાજી ડૉ. કૃષ્ણધન

ઘોષ પાશ્ચાત્ય સભ્યતાના રંગે રંગાયેલા હતા. તેમની ગણના એવા વિરલ ભારતીયોમાં થાય છે, જેમણે એ જમાનામાં ઇંગ્લેન્ડ જઈને મેડિકલની ડિગ્રી પ્રાપ્ત કરી હોય. ડૉ. કૃષ્ણધન તો એવું જ ઇચ્છતા હતા કે મારો પુત્ર અરવિંદ પણ ભારતીયતાની તમામ અસરોથી મુક્ત રહે અને એ એક સવાયા અંગ્રેજ જેવો બને. આથી તેમણે નાનપણથી જ અરવિંદને દાર્જિલિંગની એક કૉન્વેન્ટ સ્કૂલમાં દાખલ કર્યા હતા, જ્યાં તેમને એકદમ પાશ્ચાત્ય ઢંગથી શિક્ષણ આપવાની વ્યવસ્થા હતી. અરવિંદ માત્ર સાત જ વર્ષના હતા ત્યારે તેમને ભણવા માટે ઇંગ્લેન્ડ મોકલી દેવામાં આવ્યા. કુલ ચૌદ વર્ષ સુધી ઇંગ્લેન્ડમાં અભ્યાસ કરીને શ્રી અરવિંદ આઈ.સી.એસ. તો થયા, પરંતુ તેમણે પિતાજીના સ્વપ્ન વિરુદ્ધ પોતાની જીવનધારા પસંદ કરી.

શ્રી અરવિંદ 1893માં ઇંગ્લેન્ડથી પાછા ફર્યા પછી સીધા વડોદરા સ્ટેટ સર્વિસમાં જોડાયા અને બાદમાં તેમણે અહીંની બરોડા કૉલેજમાં અંગ્રેજી અને ફ્રેન્ચ ભાષાના પ્રોફેસર અને વાઇસ પ્રિન્સિપાલ તરીકે પણ સેવાઓ આપી. તેમણે 1901માં મૃણાલિની દેવી સાથે લગ્ન કર્યાં. શ્રી અરવિંદ વડોદરામાં લગભગ તેર વર્ષ જેવું રહ્યા, જે દરમિયાન તેમણે સંસ્કૃત, બંગાળી, મરાઠી, ગુજરાતી વગેરે ભાષાઓનો તથા ભારતીય ધર્મગ્રંથોનો અભ્યાસ કર્યો અને તેઓ યોગમાં પણ પ્રવૃત્ત થયા. પછી તેમણે વડોદરા છોડી દેશની આઝાદી માટેના આંદોલનમાં ઝંપલાવ્યું અને કલકત્તા ચાલ્યા ગયા. ત્યાં અલીપુર બૉમ્બ કેસમાં બ્રિટિશ સરકારે તેમને જેલમાં નાખ્યા. એકાદ વર્ષનો જેલવાસ પૂરો કરી તેઓ 1910માં પોંડિચેરી પહોંચી ગયા, જ્યાં એ વખતે ફ્રેન્ચ શાસન ચાલતું હતું. શ્રી અરવિંદ આજીવન એટલે કે 1950 સુધી - 40 વર્ષો સુધી - અહીં પોંડિચેરીમાં જ રહ્યા અને યોગસાધના, લેખનકાર્ય તથા યોગજિજ્ઞાસુ અનુયાયીઓનું માર્ગદર્શન કરતા રહ્યા. મીરા રિશાર નામનાં એક ફ્રેન્ચ મહિલા તેમના અનન્ય સહયોગી બન્યાં અને પોંડિચેરીમાં જ સ્થિર થયાં. તેમણે આશ્રમનો ચાર્જ સંભાળ્યો અને 'માતાજી'ના નામે પ્રસિદ્ધ થયાં.

શ્રી અરવિંદ મહર્ષિ દયાનંદના ભારે પ્રશંસક હતા એવું તો અવશ્ય કહી શકાય છે; પરંતુ તેઓ તેમના શિષ્ય કે અનુયાયી ન હતા. તેઓ આર્યસમાજના સદસ્ય પણ ન હતા. પરંતુ મહર્ષિ દયાનંદ બાદ જો કોઈ ભારતીય વિદ્વાને વેદોની સર્વાધિક સ્તુતિ કરી હોય, તેની વ્યાખ્યા કરતાં પુસ્તકો લખ્યાં હોય અને મહર્ષિના વિરાટ વ્યક્તિત્વ અને તેમના વેદ વિષયક અભૂતપૂર્વ યોગદાનની મુક્તકંઠે પ્રશંસા કરી હોય, તો એ શ્રી અરવિંદ હતા. 'ઑન ધ વેદ', 'ધ સિક્રેટ ઑફ ધ વેદ', 'હિમ્સ ટુ ધ મિસ્ટિક ફાયર' વગેરે ગ્રંથોમાં શ્રી અરવિંદે પોતાના દષ્ટિકોણથી ઋગ્વેદનાં કેટલાંક પસંદ કરેલાં સૂક્તોની વ્યાખ્યા કરી છે. તેમણે મહર્ષિ દયાનંદના વેદભાષ્યની પ્રશંસા કરતાં લખ્યું છે :

> *ભારતીય વિદ્વાનની ત્રીજી દેણ વધારે પ્રાચીન છે, પણ મારા અત્યારના હેતુની નજીકની છે. આર્યસમાજના સ્થાપક સ્વામી શ્રી દયાનંદે વેદને જીવંત ધર્મશાસ્ત્ર તરીકે સ્થાપિત કરવાને નોંધપાત્ર પ્રયત્ન કર્યો છે. તેમણે નિરુકતમાં આવેલા પ્રાચીન ભારતીય શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રનો છૂટથી ઉપયોગ કરી, તેને પાયા તરીકે સ્વીકાર્યું છે. પોતે સંસ્કૃતના ધુરંધર પંડિત હતા, અને તેમણે પોતાની સામગ્રીનો ઉપયોગ નોંધપાત્ર શકિતથી અને સ્વતંત્રતાથી કર્યો છે. સાયણની[1] ભાષામાં કહીએ તો 'ધાતુના અનેક અર્થોવાળી' પ્રાચીન સંસ્કૃત ભાષાના તે લક્ષણનો ઉપયોગ તેમણે ખાસ સર્જનાત્મક રીતે કર્યો છે. વેદના ઋષિઓની વિશિષ્ટ પદ્ધતિને સમજવા માટે તેમની ચાવીનું યથાયોગ્ય અનુસરણ બહુ જ મહત્ત્વનું છે. દયાનંદે કરેલો સૂકતોનો અર્થ એક વિચારથી*

---

1. સાયણ નામના એક આચાર્ય દક્ષિણ ભારતના વિજયનગર રાજ્યના પ્રધાનમંત્રી હતા. તેઓ ચૌદમી સદીમાં એટલે કે લગભગ સાતસો વર્ષ પહેલાં થઈ ગયા. તેમણે વેદો પર ભાષ્યો લખ્યાં છે, જે પ્રાય: યજ્ઞપરક છે.

નિયંત્રિત થયો છે કે વેદો ધાર્મિક, નૈતિક અને વૈજ્ઞાનિક સત્યની એક સંપૂર્ણ આંતરદર્શના છે. તેમનો ધાર્મિક ઉપદેશ એકેશ્વરવાદનો છે, વેદના દેવો એક જ પરમેશ્વરનાં જુદાં જુદાં વર્ણનાત્મક નામો છે, પરમેશ્વરની પ્રકૃતિમાં કાર્ય કરી રહેલી અનેક શક્તિઓને તે દેવો સૂચવે છે, અને વેદના અર્થને સાચી રીતે સમજવાથી આપણને આધુનિક સંશોધનથી પ્રાપ્ત થયેલાં બધાં વૈજ્ઞાનિક સત્યો પ્રાપ્ત થશે.[2]

મહર્ષિ દયાનંદના મહાન શિષ્ય મહાત્મા મુંશીરામ કે જેઓ બાદમાં સ્વામી શ્રદ્ધાનંદના નામે વિખ્યાત થયા તેમણે 1902માં હરદ્વારમાં કાંગડી ગુરુકુળની સ્થાપના કરી હતી. આ ખરા અર્થમાં એક વૈદિક શિક્ષણસંસ્થા હતી, જે વિશ્વભરમાં પ્રસિદ્ધ થઈ. આચાર્ય રામદેવ આ ગુરુકુળથી 'વૈદિક મેગેઝિન' નામની એક અંગ્રેજી પત્રિકા પ્રકાશિત કરતા હતા. તેમણે શ્રી અરવિંદને મહર્ષિ દયાનંદ વિષયક લેખ લખી મોકલવા વિનંતી કરી. એ સમયે શ્રી અરવિંદ બહારના માટે ઓછું લખતા હતા, પરંતુ તેમણે દયાનંદ વિષયક બે નિબંધ અંગ્રેજીમાં લખી સહર્ષ મોકલી આપ્યા. પ્રથમ નિબંધનું શીર્ષક હતું **'દયાનંદ : ધ મેન ઍન્ડ હિઝ વર્ક'** એટલે કે 'દયાનંદ : વ્યક્તિત્વ અને કાર્ય' અને બીજા નિબંધનું શીર્ષક હતું **'દયાનંદ ઍન્ડ ધ વેદ'** એટલે કે 'દયાનંદ અને વેદ'. આ બંને નિબંધ 'વૈદિક મેગેઝિન'માં પ્રકાશિત થયા. પ્રથમ નિબંધ 1915માં અને બીજો નિબંધ 1916માં પ્રકાશિત થયો.[3]

---

2. વેદ રહસ્ય - 'ધ સિક્રેટ ઑફ ધ વેદ'નો ગુજરાતી અનુવાદ, પાન 67, સંસ્કરણ 1973, પ્રકાશક : શ્રી અરવિંદ સોસાયટી, પોંડિચેરી.
3. પ્રથમ નિબંધ 'વૈદિક મેગેઝિન'ના સંવત 1972ના વૈશાખ-જેઠના સંયુક્ત અંકમાં પાન 939-944 પર પ્રકાશિત થયો હતો. એ સન 1915નું વર્ષ હતું. બીજો નિબંધ સન 1916માં પ્રકાશિત થયો હતો, પરંતુ ક્યા દેશી મહિનાના અંકમાં એ ચોક્કસપણે જાણી શકાયું નથી. પોંડિચેરીથી થયેલાં પ્રકાશનમાં પણ આ નિબંધોના અંતે ક્રમશઃ માત્ર સન 1915 અને 1916નો જ નિર્દેશ થયેલો જોવા મળે છે.

વિશ્વભરની અનેક નામાંકિત વ્યક્તિઓએ મહર્ષિ દયાનંદને શ્રદ્ધાંજલિ અર્પિત કરી છે અને તેમનાં યુગાંતારકારી કાર્યો, મહાન વ્યક્તિત્વ અને ક્રાંતિકારી ચિંતનની સંસ્તુતિ અને મૂલ્યાંકન કરતાં નિવેદનો આપ્યાં છે. પરંતુ એ બધાંમાં શ્રી અરવિંદે જે લખ્યું છે, એ અતિ વિશિષ્ટ, ગહન અને મૂલ્યવાન છે. આથી જ મહર્ષિ દયાનંદનાં જીવનચરિત્રોમાં તથા તેમને લગતાં પુસ્તકો, લેખો તથા ભાષણોમાં શ્રી અરવિંદના આ બે નિબંધના અંશો પ્રાયઃ ટાંકવામાં આવે છે. આ બે નિબંધમાં શ્રી અરવિંદે મહર્ષિ દયાનંદના વૈશિષ્ટ્ય, વૈદિક ધર્મના પુનરુત્થાનમાં તેમની મુખ્ય ભૂમિકા તથા સમાજસુધારણા અને રાષ્ટ્રીય જાગરણ માટેના તેમના પ્રયાસો પર પ્રકાશ પાડ્યો છે. તેઓ મહર્ષિની ઋતંભરા પ્રજ્ઞા, સત્યનિષ્ઠા, આધ્યાત્મિક વ્યાવહારિકતા, એકેશ્વરવાદ અને વેદોની પુનઃપ્રતિષ્ઠા માટેની પ્રતિબદ્ધતા વગેરેની ભરપૂર પ્રશંસા કરે છે. તેઓ દયાનંદને એક સત્યદ્રષ્ટા અને સ્વપ્નદ્રષ્ટા તરીકે જુએ છે, જેમણે વેદોના સત્ય સનાતન પવિત્ર જ્ઞાન તરફ પાછા ફરીને, વ્યવહારિક સુધારાઓની સાથોસાથ આધ્યાત્મિક, સાંસ્કૃતિક અને રાજનીતિક પુનરુત્થાન માટે પણ ભગીરથ પ્રયાસ કર્યો હતો.

શ્રી અરવિંદને 'આર્ય' શબ્દ પ્રત્યે વિશેષ આકર્ષણ હતું. તેમણે ૧૯૧૪માં આરંભ કરેલી પોતાની અંગ્રેજી પત્રિકાનું નામ પણ 'આર્ય' જ રાખ્યું હતું, જે થોડા સમય બાદ ફ્રેન્ચમાં પણ પ્રકાશિત થતી હતી. કોઈએ તેમને 'આર્ય' નામ રાખવા પાછળનું કારણ પૂછ્યું. આથી તેમણે આ જ પત્રિકાના બીજા અંકમાં 'આર્ય' શબ્દનો વિસ્તારથી અર્થ સમજાવતો એક લેખ લખ્યો, જેમાં તેમણે લખ્યું છે :

> *'આર્ય' શબ્દ એક વિશેષ પ્રકારના નૈતિક અને સામાજિક આદર્શને એટલે કે સુનિયંત્રિત જીવનને અભિવ્યક્ત કરે છે. આ શબ્દની અંદર ઉદારતા, નમ્રતા, શાલીનતા, ભદ્રતા, શિષ્ટતા, શ્રેષ્ઠતા, સરળતા,*

સાહસ, પવિત્રતા, દયા, નિર્બળ-સંરક્ષણ, જ્ઞાન માટેની ઉત્સુકતા, વિદ્વાનો અને જ્ઞાનીઓ પ્રત્યે પૂજ્યભાવ, સામાજિક કર્તવ્યોનું પાલન, આ અને આ પ્રકારના તમામ ઉત્તમ ગુણોનો સમાવેશ થઈ જાય છે. માનવીય ભાષામાં 'આર્ય' શબ્દથી ઉત્તમ અન્ય કોઈ શબ્દ નથી કે જેનો આથી વધુ ઉમદા ઇતિહાસ હોય. આર્ય આત્મસંયમી હોય છે. તે આંતરિક અને બાહ્ય બંને પ્રકારનાં સ્વરાજ્યનો પ્રેમી હોય છે. તે અજ્ઞાન, બંધન તથા કોઈ પણ પ્રકારની દાસતામાં રહેવાનું પસંદ નથી કરતો. તે દૃઢ ઇચ્છાશક્તિ ધરાવતો હોય છે. તે પ્રત્યેક વસ્તુમાં સત્ય, ઉચ્ચતા અને સ્વતંત્રતાની શોધ કરે છે. તે હંમેશાં કર્મવીર અને યોદ્ધો હોય છે. તે સર્વોચ્ચ તત્ત્વની પ્રાપ્તિ માટે અને તેની સેવા માટે પ્રચંડ શારીરિક અને માનસિક પુરુષાર્થ કરે છે. તે કોઈ પણ પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવા તત્પર રહે છે. તે અથક પરિશ્રમમાં વિશ્વાસ કરે છે. તે પોતાની ભીતર અને બાહ્ય જગતમાં ઈશ્વરીય રાજ્ય સ્થાપિત કરવા માટે અવિરત સંઘર્ષ કરે છે. 'આર્ય' શબ્દનો આંતરિક અને મૂળભૂત અર્થ છે : જે પ્રયાસ કરે, ઊર્ધ્વ ગતિ કરે અને સંઘર્ષ કરીને વિજય પ્રાપ્ત કરે છે, તે આર્ય છે. જે સતત પ્રયત્નશીલ રહી માનવીય પ્રગતિમાં બાધક બનતાં તત્ત્વોનો વિરોધ કરે છે અને તેને પરાજિત કરીને વિજય મેળવે છે, તે આર્ય છે. આત્મ-વિજય જ તેના સ્વભાવનો પ્રથમ નિયમ હોય છે, તેનો સહજ સ્વભાવ હોય છે. તે પોતાના શરીર અને પૃથ્વી પર પ્રભુત્વ સ્થાપિત કરે છે. તે સામાન્ય લોકોમાં જોવા મળતી નીરસતા, જડતા, મૃત નિત્યક્રમ અને તામસિક મર્યાદાઓનો અસ્વીકાર કરે છે. તે પોતાના જીવન અને તેની શક્તિઓને નિયંત્રિત રાખે છે. તે પ્રાણમય લાલસાઓ અને વાસનાઓમાં ફસાઈને રાજસિક આવેગોનો ગુલામ બનાવાનો ઇનકાર કરે છે. તે પોતાના મન અને તેની આદતો પર કાબૂ મેળવે છે. તે

અજ્ઞાનતા, વારસાગત પૂર્વાગ્રહો, રૂઢિગત વિચારો અને સુખદ અભિપ્રાયોના કવચમાં જીવવાનું પસંદ નથી કરતો. પરંતુ તે જાણે છે કે ઇચ્છા કરવા જેવું અને પસંદ કરવા જેવું શું છે. તે મક્કમ અને મજબૂત ઇચ્છાશક્તિ ધરાવતો હોય છે, પરંતુ છતાં તે પોતાની બુદ્ધિમાં વિશાળ અને લવચીક (ભાંગે નહિ અને છતાં વળે એવો નરમ) રહે છે; કારણ કે તે પ્રત્યેક વસ્તુમાં સત્ય, ઉચ્ચતા અને સ્વતંત્રતાની શોધ કરતો હોય છે.[4]

'વૈદિક વિનય' નામના પ્રસિદ્ધ ગ્રંથના લેખક અને ગુરુકુળ કાંગડીના આચાર્ય અભયદેવ, પંડિત જગન્નાથ વેદાલંકાર, પંડિત વેદવ્રત વેદાલંકાર જેવા આર્યસમાજના કેટલાક વિદ્વાનો શ્રી અરવિંદથી ખૂબ જ પ્રભાવિત હતા. તેઓ અવારનવાર પોંડિચેરી આશ્રમમાં જઈ તેમના માર્ગદર્શનમાં યોગસાધના પણ કરતા હતા. આવા આર્ય વિદ્વાનો શ્રી અરવિંદથી પ્રભાવિત થયા તેની પાછળ કેટલાંક સંભવિત કારણ હતાં :

1. શ્રી અરવિંદે મહર્ષિ દયાનંદ વિશે જે બે નિબંધ લખ્યા હતા તેનાથી આર્ય વિદ્વાનો ખૂબ જ પ્રસન્ન હતા.
2. શ્રી અરવિંદ વેદોના પ્રશંસક અને ગંભીર અભ્યાસુ હતા.
3. શ્રી અરવિંદની ગણના ઉચ્ચ કોટિના દાર્શનિક, સિદ્ધહસ્ત લેખક, કવિ અને યોગી તરીકે થતી હતી.
4. શ્રી અરવિંદ પ્રખર રાષ્ટ્રવાદી અને વૈદિક સંસ્કૃતિના ઉપાસક હતા.

આચાર્ય અભયદેવ તથા પંડિત જગન્નાથ વેદાલંકાર જેવા આર્ય વિદ્વાનોએ શ્રી અરવિંદના કેટલાક ગ્રંથોનો હિંદીમાં અનુવાદ કર્યો છે અને તેમના જીવન તથા ચિંતન વિશે લેખો લખ્યા છે. ઉપરોક્ત બંને વિદ્વાનોએ

4. 'આર્ય' માસિકનો 15 સપ્ટેમ્બર 1914નો અંક, પાન 61-64.

શ્રી અરવિંદે લખેલા દયાનંદ વિષયક અંગ્રેજી નિબંધોનો પણ હિંદીમાં અનુવાદ કર્યો છે. આચાર્ય અભયદેવે શ્રીનગરના કર્ણનગર આર્યસમાજમાં 'શ્રી અરવિંદ અને આર્યસમાજ' વિષય પર આપેલા પોતાના એક પ્રવચનમાં આ વિશે પોતાના સંસ્મરણોને વાગોળતાં કહ્યું હતું :

> *શ્રી અરવિંદનાં તમામ પુસ્તકો 'આર્ય પબ્લિશિંગ હાઉસ', કલકત્તાથી પ્રકાશિત થતાં હતાં. 1939માં આ સંસ્થાને શ્રી અરવિંદના દયાનંદ વિશેના નિબંધો પણ પ્રકાશિત કરવાની ઇચ્છા થઈ. 'આર્ય પબ્લિશિંગ હાઉસ'ના પ્રબંધક તારાચંદે[5] આ વિશે શ્રી અરવિંદને પૂછાવ્યું. ત્યારે શ્રી અરવિંદે સ્પષ્ટ જણાવ્યું કે એ લેખ તો ગુરુકુળના 'વૈદિક મેગેઝિન' માટે જ લખ્યો હતો, અને તેથી એ તેમના અધિકારની વસ્તુ છે. તેમની પરવાનગી વિના છાપી ન શકાય. તમારે છાપવો જ હોય તો તેમને પૂછવું જરૂરી છે. પછી તારાચંદ મને મળ્યા અને આ બાબત જણાવી. મેં વિધિપૂર્વક 'આર્ય પ્રતિનિધિ સભા' પાસે લેખિત રૂપે અનુમતિ મંગાવી આપી અને 'આર્ય પબ્લિશિંગ હાઉસ'ના લોકોએ એ લેખ પોતાના તરફથી પણ પ્રકાશિત કર્યો.[6]*

જોકે ત્યાર બાદ તો શ્રી અરવિંદના આ નિબંધ મૂળ અંગ્રેજીમાં તેમ જ હિંદીમાં પોંડિચેરી આશ્રમથી તથા આર્યસમાજની અનેક સંસ્થાઓ દ્વારા નાના પુસ્તક રૂપે પ્રકાશિત થતા રહ્યા છે.

---

5. શ્રી અભયદેવના હિંદી પ્રવચનમાં 'તારાપાદ' નામ વાંચવા મળે છે.

6. શ્રી અરવિંદ અને આર્યસમાજ, લેખક : અભયદેવ, પાન : 10, પ્રકાશક : ચંદ્રકાંત પ્ર. પટેલ, ગુરુકુળ મહિલા આર્ટ્સ કૉલેજ, પોરબંદર.

   1940માં આર્ય પ્રકાશન ગૃહ ('આર્ય પબ્લિશિંગ હાઉસ'), કલકત્તા તરફથી પ્રકાશિત થયેલ શ્રી અરવિંદની અંગ્રેજી કૃતિ 'બંકિમ-તિલક-દયાનંદ'માં આ બંને નિબંધોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. બાદમાં પોંડિચેરી આશ્રમથી પણ 'બંકિમ-તિલક-દયાનંદ'નું પ્રકાશન થતું રહ્યું છે.

આચાર્ય અભયદેવે શ્રી અરવિંદના આ બે નિબંધોના શીર્ષક વિશે પણ એક અત્યંત રોચક વાત કહી છે, જે આ મુજબ છે :

> *દયાનંદ પર લખાયેલા આ લેખોનો અનુવાદ મેં જ કર્યો છે, અને શ્રી અરવિંદ આશ્રમ તરફથી તેનું પ્રકાશન પણ કરવામાં આવ્યું છે. એને પ્રમાણિત અનુવાદ કહી શકાય છે, કારણ કે એ અનુવાદ કાર્યમાં મારે બે સ્થળે શ્રી અરવિંદને પૂછવું પડ્યું હતું. જો એમ ન થાત તો અનુવાદ કાર્યને થોડો અન્યાય થાત. આ લેખના નામકરણ અથવા શીર્ષક વિશે પણ થોડી વાત કરવા જેવી છે. શ્રી અરવિંદે આ લેખનું મથાળું માત્ર 'દયાનંદ' જ રાખ્યું હતું. જ્યારે મારો અનુવાદ છપાતો હતો ત્યારે મારા એક મિત્ર શ્રી કૃષ્ણશંભુજીએ મને જણાવ્યું કે પુસ્તિકાનું નામ કેવળ 'દયાનંદ' તો રુચતું નથી. એમને એ પણ લાગ્યું કે શ્રી અરવિંદે 'દયાનંદ'ની આગળ 'ઋષિ' કે 'સ્વામી' શબ્દ નથી લગાડ્યો તેથી કદાચ આર્યસમાજી લોકો ભડકશે. તેમનું માનવું હતું કે 'ઋષિ' નહિ તો 'સ્વામી' શબ્દ તો જરૂર મૂકવો જ જોઈએ, નહિ તો ઠીક નહિ લાગે. તો મેં એ વિશે પણ શ્રી અરવિંદને જણાવ્યું. શ્રી અરવિંદે એ બાબતનો જે જવાબ વાળ્યો, તે પણ સાંભળવા લાયક છે. એમણે કહ્યું કે, 'સ્વામી દયાનંદ ! અરે, સ્વામી તો કેટલાયે ભટકે છે. એ તો દયાનંદ હતા દયાનંદ !' એમના કહેવાનો હેતુ એવો હતો કે દયાનંદની આગળ 'સ્વામી' શબ્દ લગાડવાથી ભલે 'સ્વામી' શબ્દની પ્રતિષ્ઠા વધતી હોય, પણ એથી દયાનંદની પ્રતિષ્ઠા તો નથી જ વધતી. એમણે આગળ એક દૃષ્ટાંત આપતાં જણાવ્યું કે, શેકસપીયરની આગળ 'મિસ્ટર' લગાડીએ તો જેવું હાસ્યાસ્પદ લાગે તેવું જ દયાનંદની આગળ 'સ્વામી' શબ્દ લગાડવાથી લાગે.*[7]

---

7. શ્રી અરવિંદ અને આર્યસમાજ, પાન : 10-11.

આપણે અગાઉ જોયું તેમ શ્રી અરવિંદ આર્યસમાજના સભાસદ ન હતા, પરંતુ આચાર્ય અભયદેવે આપેલા વિવરણ મુજબ તેઓ શુદ્ધિ સમાજના[8] સદસ્ય જરૂર હતા. આ વિશે અભયદેવે કહ્યું :

મને ગર્વ છે કે હું જન્મે આર્યસમાજી છું. મારા પૂજ્ય પિતાજી ચુસ્ત આર્યસમાજી હતા. હાલમાં જ એમણે 1953માં 91 વર્ષની આયુએ 'વૈદિક-વિનય'નો મંત્રપાઠ કરતાં કરતાં દેહ સંકેલ્યો. આમ હું કટ્ટર આર્યસમાજીનું સંતાન છું. મારા પૂજ્ય પિતાજી એકવાર 'અખિલ ભારતીય શુદ્ધિ સમાજ'ના મંત્રી હતા. તેઓ ખૂબ જ ગર્વભેર કહેતા કે સંવત 1961-62માં[9] જ્યારે કાશીમાં કૉન્ગ્રેસનું અધિવેશન ભરાયું હતું ત્યારે તેમણે શ્રી અરવિંદને શુદ્ધિ સભાના સદસ્ય બનાવ્યા હતા અને તેમના હસ્તાક્ષર પણ પિતાજીએ ચોપડામાં કરાવ્યા હતા. એ જ સમયે શ્રી શ્યામાચરણ વગેરે છ બંગાળી મહાનુભાવો પણ સદસ્ય થયા હતા. કેટલાકને કદાચ આમ શ્રી અરવિંદ જેવા રાષ્ટ્રીય નેતાનું શુદ્ધિ સભામાં સદસ્ય થવું વિચિત્ર પણ લાગે, પરંતુ તેમને માટે આમ કરવું કાંઈ નવાઈ ભર્યું નહોતું. તેઓ સહર્ષ શુદ્ધિ સભાના સદસ્ય થયા અને આ રીતે પણ રાષ્ટ્ર સેવા અને પરમાત્મ સેવા કરી ગયા.[10]

---

8. જે હિંદુ કે વૈદિક લોકો ભય, પ્રલોભન, સ્વાર્થ વગેરે કારણોસર સ્વધર્મ છોડીને ઈસાઈ, ઇસ્લામ વગેરે મત-મજહબમાં ચાલ્યા ગયા હોય તેવા લોકોને તેમની ઇચ્છાથી સ્વધર્મમાં પાછા લઈ આવવા માટે કરવામાં આવતી ક્રિયા અથવા વિધિને 'શુદ્ધિ' કહેવામાં આવે છે. વર્તમાન યુગમાં મહર્ષિ દયાનંદે 'શુદ્ધિ'નો આરંભ કર્યો હતો. આજકાલ 'શુદ્ધિ'ને 'ઘરવાપસી' પણ કહેવામાં આવે છે.

9. કૉન્ગ્રેસનું આ એકવીસમું અધિવેશન હતું, જે કાશીમાં 27-30 ડિસેમ્બર 1905માં યોજાયું હતું.

10. શ્રી અરવિંદ અને આર્યસમાજ, પાન 12-13.

શ્રી અભયદેવે પોતાના આ પ્રવચનમાં એક વિશેષ વાત પણ જણાવી હતી : મુંબઈના એક આર્યસમાજી સજ્જન શ્રી કાપડિયાએ મહર્ષિ દયાનંદ વિષયક શ્રી અરવિંદના લેખો પોતાના તરફથી પ્રકાશિત કરાવ્યા હતા, જેની ભૂમિકા શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશીએ લખી હતી. પોતાની આ ભૂમિકામાં મુનશીએ લખ્યું હતું કે, આ ભારતના એક મહાન પુરુષને બીજા મહાન પુરુષ દ્વારા આપવામાં આવેલી સંમતિ છે, અનુમોદન છે.[11]

શ્રી અરવિંદે લખેલા મહર્ષિ દયાનંદ વિષયક ઉપરોક્ત બંને નિબંધના ગુજરાતી અનુવાદ ઘણાં વર્ષો પહેલાં કરવામાં આવ્યા હતા. શ્રી રત્નસિંહ દીપસિંહ પરમારે કરેલો ફક્ત પ્રથમ નિબંધનો ગુજરાતી અનુવાદ 'શ્રીમદ્ દયાનંદ સરસ્વતી અને શ્રીયુત અરવિંદ ઘોષ' જોવામાં આવ્યો છે, જે વિક્રમ સંવત 1971માં અમદાવાદ આર્યસમાજ (ગોલવાડ, ખાડિયા)ના મંત્રી શ્રી છોટાલાલ હરિલાલ દ્વારા પુસ્તિકા રૂપે પ્રકાશિત થયો હતો. એવું લાગે છે કે આ ગુજરાતી અનુવાદ જે વર્ષે શ્રી અરવિંદનો મૂળ અંગ્રેજી લેખ 'વૈદિક મેગેઝિન'માં પ્રકાશિત થયો હતો એ જ વર્ષે પ્રકાશિત થયો હતો. આ જ પ્રથમ નિબંધનો એક બીજો ગુજરાતી અનુવાદ શ્રી મહારાણીશંકર શર્માએ કર્યો હતો, જે શ્રી દયાલ આર્ય (દયાલમુનિ)એ સંપાદિત કરી સંવત 2043માં આર્યસમાજ જામનગરના તત્કાલીન પ્રમુખ શ્રી ધર્મવીર ખન્ના દ્વારા 'મહર્ષિ દયાનંદ સરસ્વતીનો જીવનસાર - દયાનંદ : વ્યક્તિત્વ તથા કાર્ય' શીર્ષકથી પોકેટ સાઇઝની પુસ્તિકા રૂપે પ્રકાશિત કર્યો હતો. આ જ અનુવાદ સન 2004માં ટંકારા આર્યસમાજ તરફથી પણ પ્રકાશિત થયો હતો. શ્રી દયાલ આર્યે શ્રી અરવિંદના બીજા નિબંધનો ગુજરાતી અનુવાદ તૈયાર કરી સન 2004માં જ ટંકારા આર્યસમાજ તરફથી એક નાની પુસ્તિકા રૂપે પ્રકાશિત કર્યો હતો. આ ઉપરાંત પંડિત વેદમિત્ર ઠાકોરે પણ શ્રી અરવિંદના આ બંને

11. એજન, પાન 9.

નિબંધનો ગુજરાતી અનુવાદ કર્યો હતો, જે 'સ્વામી દયાનંદ સરસ્વતી' શીર્ષકથી એક નાની પુસ્તિકા રૂપે શ્રી રામસ્વરૂપ ભજનલાલ સાગરની આર્થિક મદદથી સન 1953માં આર્યસમાજ મંદિર, કાંકરિયા રોડ, અમદાવાદ દ્વારા પ્રકાશિત થયો હતો. મેં આ તમામ ઉપલબ્ધ ગુજરાતી અનુવાદોનો ધ્યાનપૂર્વક અભ્યાસ કર્યો છે. છતાં મને નવેસરથી અનુવાદ કરવાનું જરૂરી લાગ્યું. શ્રી અરવિંદની લેખન શૈલી ગહન અને ઉચ્ચ સ્તરીય છે અને ઠીક ઠીક ક્લિષ્ટ પણ છે. આથી અનુવાદકનું કાર્ય ખૂબ જ કઠિન થઈ જાય છે. તેમના ગૂઢાર્થને અત્યંત વિચારપૂર્વક સમજીને ગુજરાતી વાચક સમજી શકે એ રીતે પ્રામાણિક અનુવાદ કરવો એવા સંકલ્પ સાથે મેં આ કામ કર્યું છે. મારો આ સંકલ્પ કેટલો સફળ રહ્યો છે એ તો સુજ્ઞ વાચકવર્ગ જ કહી શકશે. મેં આ પુસ્તકમાં જરૂરી લાગ્યું ત્યાં સ્પષ્ટતાના હેતુથી તથા સંદર્ભ દર્શાવવા 17 પાદ-ટિપ્પણીઓ મૂકી છે.

આશા છે કે શ્રી અરવિંદે કરેલા મહર્ષિ દયાનંદના વ્યક્તિત્વ અને કાર્યોનું આ ગંભીર મૂલ્યાંકન અને તેમના વેદભાષ્યની ગહન મીમાંસા આપણને એક એવી વિશિષ્ટ દૃષ્ટિ પ્રદાન કરશે, જે મહર્ષિ દયાનંદને અને તેમના યોગદાનને યથાર્થ રૂપે સમજવામાં મદદરૂપ થશે.

- ભાવેશ મેરજા

8-17, GNFC ટાઉનશિપ
નર્મદાનગર, ભરૂચ - 392015.
મો. 9879528247

દયાનંદ

: 1 :

વ્યક્તિત્વ અને કાર્ય

ભારતનાં ભાવિ સંતાનોને ભારતીય નવજાગૃતિના શિખર પર અનેક લોકોત્તર મહાપુરુષો નજરે પડશે. પરંતુ મહાપુરુષોની એ મંડળીમાં તેઓને એક મહાપુરુષ એવો જોવા મળશે, જે પોતાની અનેરી લાક્ષણિકતાને લીધે બીજા બધા મહાપુરુષોથી એકદમ જુદો જ તરી આવે છે. એ પોતાના ઢંગમાં અનોખો છે અને પોતાનાં કાર્યમાં પણ નિરાળો છે. આ એવું લાગે છે કે જેમ કોઈ માણસ બહુ વાર સુધી એક એવી પર્વતમાળાની વચ્ચે ઘુમતો રહે છે, જેમાં જુદી જુદી ઊંચાઈ ધરાવતા અનેક પર્વતો છે. આ પર્વતમાળા દૂર સુધી વિશાળ ઘેરાવો ધરાવતી અને લીલીછમ છે અને પોતાની ગગનચુંબી અને આકર્ષક ઊંચાઈ ધરાવતી હોવા છતાં પણ આંખને સુંદર લાગે એવી છે. પરંતુ આ પર્વતામાળાની વચ્ચે તેને એક એવો પર્વત નજરે પડે છે, જે બીજા બધા પર્વતો કરતાં બિલકુલ અલગ ઊભો છે. એ અનૂઠા પર્વતને જોઈને એવું લાગે છે કે જાણે નર્યું બળ જ મૂર્તિમાન થઈને પર્વતરૂપે ખડું છે - નગ્ન, સુદઢ અને નક્કર ચટ્ટાનનો પુંજ, વિશાળ અને ઉત્તુંગ ! તેની હરિયાળી ટોચ પર ચીડનું એક ઝાડ ઊભું છે, જે આકાશની સાથે વાતો કરી રહ્યું છે. આ શક્તિપુંજમાંથી નિર્મળ, પ્રાણદાયી અને ફળદ્રુપતાવર્ધક જળનો એક મહાન ધોધ નીકળીને નીચેની તરફ જોરશોરથી ખળખળ વહી રહ્યો છે, જે સમગ્ર તળેટી માટે માત્ર પાણીનો જ સ્રોત નથી, પરંતુ સ્વાસ્થ્ય અને જીવનનું પણ

ઝરણું છે. મારા મન પર દયાનંદના વ્યક્તિત્વની છાપ પર્વતામાળાના આવા અદ્વિતીય પર્વત જેવી પડી છે.

એ કાઠિયાવાડ હતું, જેણે આ મહાશક્તિશાળી પુનરુદ્ધારક અને નવસર્જકને જન્મ આપ્યો. એવું લાગે છે કે એ વિલક્ષણ ભૂમિના આત્મા અને સ્વભાવનું કંઈક તેના આત્મામાં પ્રવેશ્યું હતું. ત્યાંના ગિરનારના ખડકો અને ટેકરીઓનું કંઈક તેના આત્મામાં પ્રવેશ્યું હતું. તેના કિનારે અથડાતા સમંદરના અવાજ અને તેનાં જોરદાર મોજાઓનું કંઈક તેના આત્મામાં પ્રવેશ્યું હતું. એવું લાગે છે કે કુદરતે ત્યાંની માનવતાનું નિર્માણ પોતાની નિર્દોષ અને પવિત્ર સામગ્રીમાંથી કર્યું છે. એ માનવતા શારીરિક રીતે સુંદર અને મજબૂત છે, જે તાજા અને આદિમ ઉત્સાહની વૃત્તિ ધરાવે છે. અવિકસિત સ્વભાવ ધરાવતી વ્યક્તિમાં એ અપરિપક્વ સ્થિતિમાં છે, પરંતુ વિકસિત સ્વભાવ ધરાવતી વ્યક્તિમાં એ ભવ્ય સર્જનની મહાન શક્તિ બનવાની ક્ષમતા ધરાવે છે. આવી માનવતાનો પણ કંઈક અંશ દયાનંદના આત્મામાં પ્રવિષ્ટ થયો હતો એવું લાગે છે.

જ્યારે હું દયાનંદ વિષયક મારી ભાવનાને પોતાની સમક્ષ ચિત્રિત કરવાનો પ્રયત્ન કરું છું અને તેમની મારી ઉપર જે છાપ પડી છે તેને ઠીક ઠીક રૂપ આપવાની કોશિશ કરું છું, ત્યારે હું તેમના જીવન અને કાર્યની બે મહાન અને સુસ્પષ્ટ વિશેષતાઓથી આરંભ કરું છું. તેમની આ બે મહાન વિશેષતાઓ જ તેમને તેમના સમકાલીન મહાપુરુષો અને સાથીઓથી બિલકુલ જુદા પાડે છે. અન્ય ભારતીય મહાપુરુષોએ આપણી પ્રજાની મનોવૈજ્ઞાનિક સામગ્રીમાં સ્વયંને રેડીને - ઢાલવીને આજનું ભારત બનાવવામાં મદદ કરી છે. તેઓએ એક અનિશ્ચિત સ્વરૂપવાળા ચલાયમાન દ્રવ્યમાં પોતાની આધ્યાત્મિકતાને ઢાળી છે. એ દ્રવ્ય એક દિવસ સ્થિરતા ધારણ કરશે અને પ્રકૃતિના એક મહાન દૃશ્ય-જન્મના રૂપમાં આકાર લેશે. તેઓએ એક જાતનું ખમીર નાખ્યું હતું અને આથો લાવવાની - આકાર-રહિત

હલચલ અને સંક્ષોભ ઉત્પન્ન કરવાની - એક શક્તિ આપી હતી, જેમાંથી આકારો પ્રગટ થવા જરૂરી હતા. આપણે તેઓને મહાન આત્માઓ અને અત્યંત પ્રભાવશાળી વ્યક્તિઓ રૂપે સ્મરણ કરીએ છીએ. તેઓ ભારતના આત્મામાં નિવાસ કરે છે, આપણી અંદર વસે છે. જો તેઓ ન હોત તો આપણે આજે જેવા છીએ તેવા ન હોત. તેમ છતાં એ મહાપુરુષનો ઉદ્દેશ આ જ હતો, એવું આપણે નિશ્ચયાત્મક રૂપે કહી શકતા નથી; અને એમ કહેવું કે આ જ એ છે કે જે એ મહાપુરુષના આત્માનું વાસ્તવિક મૂર્ત રૂપ છે, એ તો એથી પણ વધારે કઠિન છે.

આ વિલક્ષણ કાર્ય કે જે વિશાળ અને જટિલ રચનાના સમયે અત્યંત જરૂરી હોય છે, તેના સત્ય દૃષ્ટાંત તરીકે મારા મનમાં મહાદેવ ગોવિંદ રાનડેનું સ્મરણ ઊઠે છે. જો કોઈ વિદેશી આપણને પૂછે કે, આ મરાઠા અર્થશાસ્ત્રી, સુધારક અને દેશભક્તે એવું તે શું વિશેષ કામ કર્યું છે કે જેને લીધે તમે લોકો તેમને તમારી સ્મૃતિમાં આટલું ઊંચું સ્થાન આપો છો, તો આપણને આ પ્રશ્નનો જવાબ આપવામાં થોડી મુશ્કેલી જરૂર પડશે. આપણે માનવસમૂહની કોઈ એવી વિશેષ પ્રવૃત્તિઓનો નિર્દેશ કરવો પડશે, જેમાં રાનડેનો આત્મા અને તેમના વિચાર એ વસ્તુઓના અદૃશ્ય નિર્માતારૂપે વિદ્યમાન હોય. આપણે વર્તમાન ભારતીય જીવનની એવી મહાન હસ્તીઓ તરફ ઇશારો કરવો પડશે, જેઓ રાનડેની ભાવનાથી પ્રેરિત થઈ હોય. અને અંતે તો આપણે ઉપરોક્ત પ્રશ્નનો જવાબ એક પ્રશ્નરૂપે જ આપવો પડશે કે, ‘ભલા, મહાદેવ ગોવિંદ રાનડે વિના આજના મહારાષ્ટ્રની શી સ્થિતિ હોત અને મહારાષ્ટ્ર વિના આજના ભારતની પણ શી દશા હોત ?’ પરંતુ જેઓ વ્યક્તિઓ અને વસ્તુઓ પર દબાણ કે પ્રભાવ ઉત્પન્ન કરવામાં ઓછા આકારહીન અને ઓછા પ્રસરેલા કે પ્રસરણશીલ હતા તેઓના વિષયમાં તથા જે કાર્યકર્તાઓ વધુ વિશિષ્ટ ઊર્જા અને ક્રિયા ધરાવતા હતા તેઓના

વિશે પણ હું મૂળભૂત રીતે આવો જ અભિપ્રાય ધરાવું છું. વિવેકાનંદ એક બળવાન પુરુષ હતા, પુરુષસિંહ હતા. પરંતુ તેઓ પોતાની પાછળ જે નિશ્ચિત કાર્ય છોડી ગયા છે એ કાર્ય તેમની સર્જનાત્મક શક્તિની આપણા પર જે છાપ છે, તેની તુલનામાં ઘણું જ અપર્યાપ્ત લાગે છે. આપણને લાગે છે કે તેમનો પ્રભાવ હજુ પણ વિશાળ રીતે કાર્ય કરી રહ્યો છે. પરંતુ આપણે એ સારી રીતે નથી જાણતા કે, એ કેવી રીતે અને ક્યાં કાર્ય કરી રહ્યો છે. આપણે તો ફક્ત એટલું જ જાણીએ છીએ કે, જે વસ્તુ હજુ સુધી આકારમાં આવી નથી તેમાં, કંઈક એવું પ્રભાવી, ભવ્ય, સાહજિક, ઉથલપાથલ કરનારું છે, જે ભારતના આત્મામાં પ્રવેશ્યું છે; અને આપણે કહીએ છીએ કે, 'જુઓ, વિવેકાનંદ આજે પણ તેમની માતાના અને તેનાં સંતાનોના આત્મામાં વસે છે.' આ વાત બધાને લાગુ પડે છે. મનુષ્યો તેમનાં ચોક્કસ કે ખાસ કાર્યો કરતાં મહાન હોય છે, પરંતુ તેમનો પ્રભાવ એટલો વ્યાપક અને આકાર વિનાનો - અમૂર્ત હોય છે કે એ પ્રભાવનો તેઓ પોતાની પાછળ કોઈ પણ ઔપચારિક કાર્ય છોડી જતા હોય છે, તેની સાથે થોડો સંબંધ હોય છે.

પરંતુ દયાનંદની કાર્યશૈલી બિલકુલ અલગ હતી. તેઓ એક એવી વિભૂતિ હતા, જેમણે પોતાની જાતને વસ્તુઓના અનિશ્ચિત આત્મામાં નિરાકાર રીતે રેડી નહોતી, પરંતુ તેમણે વસ્તુઓ અને માણસો પર પોતાના સ્વરૂપની પિત્તળમાં મુદ્રાંકિત હોય એવી અમીટ છાપ છોડી હતી. તેઓ એક એવા માનવ હતા, જેમનાં મૂર્ત કાર્યો તેમના આધ્યાત્મિક શરીરમાંથી જન્મેલા પુત્રો જેવા હતાં - સુંદર, મજબૂત અને જીવનથી ભરપૂર; અને પોતાને પેદા કરનારની આબેહૂબ મૂર્તિ જેવાં હતાં. તેઓ એક એવા માણસ હતા, જેઓ નિશ્ચિત અને સ્પષ્ટ રૂપે જાણતા હતા કે તેમને અહીં કયા કામ માટે મોકલવામાં આવ્યા છે. તેમણે આત્માની પ્રબળ દૃષ્ટિથી પોતાનાં સંસાધનો પસંદ કર્યાં અને કાર્યની શરતો નક્કી કરી અને પછી જન્મસિદ્ધ કર્મવીરની મજબૂત અને પરિપૂર્ણ કાર્યક્ષમતા સાથે તેમણે પોતાના કલ્પનાશીલ વિચારને

કાર્યમાં પરિવર્તિત કર્યો. જ્યારે હું ઈશ્વરના કારખાનામાં કાર્યરત આ કર્મઠ કારીગરની આકૃતિને જોઉં છું, ત્યારે મારી સામે ઝુંડનાં ઝુંડ ચિત્રોની વણજાર ધસી આવે છે, જેમાં યુદ્ધ, કાર્ય, વિજય અને વિજયી શ્રમનાં જ ચિત્રો છે. ત્યારે હું મારી જાતને કહું છું કે, આ દયાનંદ પ્રકાશનો સૈનિક છે, ઈશ્વરની દુનિયામાં એક યોદ્ધો છે, મનુષ્યો અને સંસ્થાઓનો શિલ્પી છે અને પ્રકૃતિ આત્મા સમક્ષ જે મુશ્કેલીઓ ખડી કરે છે તેનો વીર અને અદમ્ય વિજેતા છે. સારાંશ રૂપે કહીશ કે આ બધાંની મારા ઉપર જો કોઈ સૌથી મજબૂત છાપ પડતી હોય તો એ છે - આધ્યાત્મિક વ્યાવહારિકતાની. સામાન્ય રીતે 'આધ્યાત્મિકતા' અને 'વ્યાવહારિકતા' આ બંને શબ્દોને આપણા ખ્યાલોમાં એકબીજાથી સંપૂર્ણપણે વિરુદ્ધ ગણવામાં આવે છે, પરંતુ આ બે શબ્દોનું સંયોજન જ મને દયાનંદની સાચી વ્યાખ્યા લાગે છે.

જો આપણે દયાનંદે કરેલા કાર્યના વાસ્તવિક સ્વરૂપને ધ્યાનમાં ન લઈએ, તોપણ તેમણે ઉપરોક્ત ભાવના અને હેતુ સાથે જે કામ કર્યું છે, એ જ તેમને આપણા મહાન સ્થાપકોમાં એક અનન્ય સ્થાન પ્રાપ્ત કરાવે છે. તેમણે આપણા રાષ્ટ્રીય ચારિત્ર્યમાં પ્રાચીન આર્ય તત્ત્વને પુનઃ સ્થાપિત કર્યું છે. મારી દૃષ્ટિએ આ એ બીજો ગુણ છે, જે દયાનંદને અન્ય મહાપુરુષો કરતાં જુદા પાડે છે, અને આ બીજો ગુણ પ્રથમ ગુણનું રહસ્ય છે. આપણે બધા લોકો પ્રભાવોના પ્રવાહમાં જીવીએ છીએ; આપણે એ પ્રભાવોને આપણી અંદર પ્રવેશવા દઈએ છીએ અને તદનુસાર પોતાને ઢાળવાની મંજૂરી આપીએ છીએ. આથી ત્યાં કંઈક વસ્તુ આકાર પામે છે અને તેમાંથી થોડુંઘણું કામ પરિણમે છે, અને બાકીનું બધું પ્રભાવોના પ્રવાહમાં વિખરાઈ જાય છે. આપણે શું કરવાનું છે, કઈ દિશામાં જવાનું છે, એ બાબતે આપણે અનિશ્ચિત રહીએ છીએ. આપણે આપણી જાતને સંજોગો અને વાતાવરણમાં સમાવી લઈએ છીએ, આપણે તેને અનુકૂળ થઈ જઈએ છીએ. જ્યારે આપણે

પોતાને અતિ આગ્રહી અને હઠીલા માનતા હોઈએ છીએ ત્યારે પણ વાસ્તવમાં આપણે પ્રવાહી અને તકવાદી જ હોઈએ છીએ. પરંતુ દયાનંદે પોતાનામાં જે કંઈ પ્રવેશ્યું એ બધું જ પોતાના અધિકારમાં કર્યું, તેને પોતાની અંદર દઢતાપૂર્વક ધારણ કર્યું અને તેને અત્યંત કુશળતાપૂર્વક એવો આકાર આપ્યો, જે તેમને સત્ય જણાયો; અને પછી તેને બહારના વાયુમંડળમાં એવા આકારોમાં સ્થાપિત કર્યું, જે તેમને તેના માટે ઉચિત લાગ્યા. આપણને દયાનંદમાં જે અતિ આગ્રહ અને આક્રમકતા જેવું લાગે છે, એ તેમની સ્વ-વ્યાખ્યાની - આત્મ-નિર્ધારણની શક્તિનો એક અંશ હતો.

દયાનંદ પ્રકૃતિ અથવા કુદરતના મહાન હાથો સામે લવચીક અને અનુકૂલનશીલ જ ન હતા, પરંતુ તેઓ જીવન અને પ્રકૃતિનો પ્લાસ્ટિક સામગ્રી રૂપે મનગમતો ઘાટ આપી શકાય એવો ઉપયોગ કરવાનો અધિકાર અને શક્તિ પણ ધરાવતા હતા. આપણે કલ્પના કરી શકીએ છીએ કે આજે પણ દયાનંદનો આત્મા આપણામાં રહેલી પૌરુષ અને કાર્યની કચાશને જોઈને આપણને પોકારી રહ્યો છે : 'હે ભારતવાસી ! તું ફક્ત અનંતતાના ભાવમાં નિવાસ કરવામાં અને અસ્પષ્ટ વિકાસ સાધવામાં જ સંતોષ પકડીને બેસી ન રહીશ. પરંતુ જો, ઈશ્વર તને શું બનાવવા ઇચ્છે છે, તેણે તારા માટે શો આદેશ નિર્માણ કર્યો છે. તેની પ્રેરણાના પ્રકાશમાં નક્કી કર કે તારે આગળ શું કરવાનું છે. તદનુસાર તું જ તારો શિલ્પી થા. તું તેને તારા જીવનમાંથી જ પ્રગટ કર. તું ચિંતક થજે, પણ સાથે કર્મયોગી પણ બનજે. તું આત્મા થજે, પણ સાથે માનવ પણ બનજે. તું ઈશ્વરનો સેવક થજે, પણ સાથે પ્રકૃતિનો સ્વામી પણ બનજે.' કેમ કે દયાનંદ પોતે જ આવા હતા. તેમના આત્મામાં ઈશ્વર હતો, તેમની આંખોમાં દિવ્ય દૃષ્ટિ હતી અને તેમના હાથોમાં એ દિવ્ય દૃષ્ટિ મુજબ જીવનમાંથી આકૃતિઓ ઘડવાની શક્તિ હતી. અહીં 'ઘડવું' - ઘાટ કે આકાર આપવો એ જ શબ્દનો પ્રયોગ ઠીક રહેશે; કારણ કે

તેઓ પોતે એક 'ગ્રેનિટ' - અડદિયો પથ્થર કે ચટ્ટાન - હતા અને તેમણે જાણે ચટ્ટાનો ઉપર પ્રચંડ પ્રહારો કરીને વસ્તુઓની આકૃતિઓ ઘડી હતી.

દયાનંદના જીવનમાં આપણને હંમેશાં આધ્યાત્મિક વ્યાવહારિકતાનો શક્તિશાળી પ્રવાહ વહેતો જોવા મળે છે. તેમનાં કામ પર સર્વત્ર સ્વયંભૂ શક્તિ અને નિર્ણાયકતાની મહોર લાગેલી જોવા મળે છે. પ્રારંભથી જ આપણે જોઈએ છીએ કે વ્યાવહારિક અંત:પ્રેરણાની આ કેટલી દિવ્ય ઝાંખી છે કે દયાનંદ સીધા ભારતીય જીવન અને સંસ્કૃતિના ઠેઠ મૂળ સુધી પહોંચ્યા અને તેના આમૂલ નવા જન્મ માટે તેમણે સૌથી પહેલાં નીકળેલાં ફૂલમાંથી જ બીજ પ્રાપ્ત કર્યું; અને આ કેવું બૌદ્ધિક સાહસનું કાર્ય હતું કે તેમણે આ ધર્મગ્રંથ વેદનો ઉદ્ધાર કર્યો, જે અજ્ઞાનપૂર્ણ ભાષ્યોને લીધે વિકૃત થઈ ચૂક્યો હતો, જેનો વાસ્તવિક અભિપ્રાય વિસ્મૃત થઈ ગયો હતો અને જેને લોકો ગેરસમજને કારણે તેના દરજ્જાથી નિમ્ન સ્તરે ઊતારી પાડીને પુરાતન જંગલી જાતિઓના લેખ સમાન માનવા માંડ્યા હતા. પરંતુ દયાનંદ વેદની વાસ્તવિક શ્રેષ્ઠતાને ઓળખી શક્યા કે આ એ ધર્મગ્રંથ છે, જેમાં આ દેશ અને પ્રાચીન રાષ્ટ્રનું નિર્માણ કરનારા પૂર્વજોની ગહન અને પ્રબળ ભાવના છુપાયેલી છે.[12] આ એ ધર્મગ્રંથ છે, જે દિવ્ય જ્ઞાન, દિવ્ય ઉપાસના અને દિવ્ય કર્મ સંબંધી વિચારોથી ઓતપ્રોત છે. હું નથી જાણતો કે દયાનંદનું ઓજસ્વી અને મૌલિક ભાષ્ય વેદ વિષયક પ્રામાણિક શબ્દ રૂપે સર્વમાન્ય થશે કે નહિ. હું તો સ્વયં વિચારું છું કે આ અગાધ અને આશ્ચર્યજનક ઈશ્વરીય જ્ઞાન વેદનાં અન્ય પાસાંને બહાર લાવવાનું કેટલુંક સૂક્ષ્મ કાર્ય હજુ

---

12. મહર્ષિ દયાનંદના મંતવ્ય અનુસાર ઈશ્વરે વેદોનો પ્રકાશ સૃષ્ટિના આરંભમાં કર્યો છે. આથી તેમાં કોઈ પણ દેશ, રાષ્ટ્ર કે પ્રજા વિશેષનો ઇતિહાસ ન હોઈ શકે. બાદમાં વેદોના જ્ઞાનના આધારે સંસારમાં સર્વપ્રથમ આર્યોએ આર્યાવર્ત દેશ વસાવ્યો હતો, જેનો ઉલ્લેખ મનુષ્યો દ્વારા રચિત ઇતિહાસ ગ્રંથોમાં જોવા મળે છે.

પણ બાકી છે, જોકે એ બહુ મહત્ત્વનું નથી. મુખ્ય વાત તો એ છે કે દયાનંદે વેદોને ભારતના યુગો યુગોથી ચાલ્યા આવતા ખડક રૂપે - આધારશીલા રૂપે ન્યાયી રીતે એકદમ પકડી લીધા - ઝડપી લીધા; અને એમાં તેમણે પોતાની સૂક્ષ્મદર્શી દૃષ્ટિથી યુવાઓ માટેના સંપૂર્ણ શિક્ષણ અથવા બોધ, સમગ્ર માનવ્ય અને સંપૂર્ણ રાષ્ટ્રત્વનાં દર્શન કર્યાં અને એ વેદરૂપી ચટ્ટાન પર તેનું નિર્માણ કરવાનું સાહસપૂર્ણ ચિંતન કર્યું. રામમોહનરાય એ આપણા બીજા મહાન આત્મા અને શક્તિશાળી કાર્યકર હતા, જેમણે બંગાળ પર પોતાનો હાથ મૂક્યો. ત્યારે બંગાળ તેની નદીઓના કિનારે અને ચોખાનાં ખેતરોમાં લાંબી અને આળસુ નિદ્રામાં પોઢેલું હતું. તેમણે તેને આ ઘોર પ્રમાદભરી નિદ્રામાંથી જગાડ્યું અને કેટલા મહાન ધ્યેય સુધી પહોંચાડ્યું. રામમોહનરાય થોડુંક ચાલીને ઉપનિષદ્ પર પહોંચીને અટકી ગયા, જ્યારે દયાનંદે ત્યાંથી દૂર દૃષ્ટિ કરી અને તેઓ એ સત્ય પામ્યા કે, આપણું ખરું મૂળભૂત બીજ તો વેદોમાં રહેલું છે. દયાનંદમાં રાષ્ટ્રીય સહજ-બોધ હતો અને તેને આલોકિત કરવામાં અર્થાત્ એ સહજ-બોધને અંતર્જ્ઞાનનું - અંતઃપ્રેરણાનું સ્વરૂપ આપવામાં તેઓ સક્ષમ હતા. તેથી જે કૃતિઓ તેમની પાસેથી આપણને પ્રાપ્ત થઈ છે, એ ભલે પ્રચલિત પરંપરાઓથી જુદી પડતી હોય, પરંતુ એ ગહન રાષ્ટ્રીય ભાવનાઓથી પરિપૂર્ણ છે.

રાષ્ટ્રીય હોવાનો અર્થ એવો નથી કે જડતામાં રહેવું કે કોઈ એક જ સ્થાને સ્થગિત પડ્યા રહેવું. તેના બદલે ભૂતકાળમાંથી કોઈ મહત્ત્વપૂર્ણ તત્ત્વને ગ્રહણ કરીને તેને વર્તમાન જીવનની ધારામાં રેડવું કે ઉમેરવું, એ જ ખરેખર પુનર્નિર્માણ અને નવસર્જનનું સૌથી શક્તિશાળી સાધન છે. દયાનંદે પોતાના કાર્યથી આધુનિક ઢાંચાને તેજસ્વી અને જીવંત કરવા માટે ભૂતકાળનાં આ પ્રકારનાં તત્ત્વો અને ભાવનાઓને આપણા જીવનમાં પુનઃ સ્થાપિત કર્યાં છે. અને એ ધ્યાનથી જોવા જેવું છે કે તેમણે પોતાના જીવનમાં અને પોતાનાં કાર્યમાં પણ એ ભૂતકાળને ગ્રહણ કરી રાખ્યો છે, જે નિર્મળ શક્તિનો પ્રથમ

પ્રવાહ છે, જે સીધો પોતાના મૂળ સ્રોતોથી જ નીકળ્યો હોવાથી પરિશુદ્ધ છે, જે પોતાના મૂળભૂત સિદ્ધાંતની નજીક છે અને એટલા જ માટે એ નિત્ય નૂતન રહેવા લાયક કોઈ શાશ્વત તત્ત્વની પણ અત્યંત સમીપ છે.

આપણને દયાનંદના વ્યક્તિત્વની જેમ તેમના કૃતિત્વમાં પણ સ્વયંસ્ફુરિત નિશ્ચિત શ્રમ અને સજાગ રચનાનું એ સામર્થ્ય જોવા મળે છે, જે સંપૂર્ણ સ્પષ્ટતા, સત્ય અને સંનિષ્ઠાના આંતરિક સિદ્ધાંતથી પ્રગટ થાય છે. પોતાના મનમાં સ્પષ્ટ રહેવું, પોતાની જાત તેમ જ અન્યો પ્રત્યે સંપૂર્ણ રીતે સાચા અને સરળ રહેવું, પોતાના શ્રમની પરિસ્થિતિઓ અને સાધનસામગ્રી સાથે પૂરેપૂરું પ્રામાણિક રહેવું, આ બધું આપણી આજની વિચલિત, જટિલ અને લથડિયાં ખાતી માનવતા માટે દુર્લભ ભેટ સમાન છે. એક આર્ય કર્મવીરની ભાવના આવી જ હોય છે અને તેની સજીવ સફળતાનું આ જ એક નિશ્ચિત રહસ્ય હોય છે; કારણ કે પ્રકૃતિ હંમેશાં પોતાના દરવાજે પડતા સ્પષ્ટ, પ્રામાણિક અને ઓળખપાત્ર ટકોરાને જ ઓળખતી હોય છે અને એવી જ કાળજી અને કટિબદ્ધતાથી એ તેનું ફળ પણ આપતી હોય છે. એ સારું છે કે આચાર્ય કે ગુરુની ભાવના તેમના અનુયાયીઓ કે શિષ્યો પર પોતાની છાપ છોડી જતી હોય છે; અને ભારતમાં ક્યાંક કોઈ એવું એક સંગઠન કે સંસ્થા હોવી જોઈએ કે જેના વિશે એમ કહી શકાય કે, જ્યારે પણ કોઈ કાર્ય જરૂરી અને યોગ્ય લાગશે ત્યારે એ માટે એ સંસ્થાના કાર્યકર્તાઓ આગળ આવશે, જરૂરી સાધનો મેળવશે અને એ કાર્ય ચોક્કસપણે થઈને જ રહેશે.[13]

---

13. શ્રી વેદવ્રત સ્નાતક (વેદાલંકાર)ની દૃષ્ટિએ શ્રી અરવિંદે આ વાક્યથી આર્યસમાજને આશીર્વાદ આપ્યા છે; કારણ કે તેમના આ વાક્યનો ગૂઢ અર્થ એ છે કે, આર્યસમાજમાં મહર્ષિ દયાનંદથી પ્રાપ્ત થયેલી શક્તિ એટલી બધી અંતર્ગર્ભિત છે કે જ્યારે પણ તેની ઉપર કોઈ સંકટ આવી પડશે કે કોઈ કર્તવ્ય બજાવવાનો વારો આવશે ત્યારે એ અવશ્ય સફળ રહેશે અને વિજયી થશે. (દ્રષ્ટવ્ય : શ્રી અરવિંદ અને આર્યસમાજ, પાન 11-12)

સત્ય સરળ લાગે છે અને છતાં એ સૌથી મુશ્કેલ છે. વૈદિક ઉપદેશનો મુખ્ય શબ્દ જ સત્ય હતો; આત્મામાં સત્ય, દષ્ટિમાં સત્ય, હેતુમાં સત્ય અને કાર્યમાં સત્ય. વ્યાવહારિક અથવા ક્રિયાત્મક સત્ય, આર્જવ અર્થાત્ ઋજુતા - સરળતા, આંતરિક નિખાલસતા, મજબૂત સંનિષ્ઠા, વાણી અને કર્મમાં સ્પષ્ટતા અને ખુલ્લું સન્માન - આ જ પુરાતન આર્ય નૈતિકતાનો સ્વભાવ હતો. એ વિશુદ્ધ અને અવિકૃત શક્તિનું રહસ્ય છે અને માણસ કુદરતથી દૂર નથી ફંટાઈ ગયો એ વાતનો પુરાવો પણ છે. આ જ સ્વર્ગના પુત્ર - ઈશ્વરના પુત્ર - 'દિવસ્પુત્ર' - હોવાનું પ્રમાણ છે. આ જ એ છાપ છે, જે દયાનંદ પોતાની પાછળ છોડતા ગયા છે અને આ જ તેમનાં ચિહ્ન અને પ્રતિમા હોવાં જોઈએ કે જેના દ્વારા તેમના કોઈ પણ કાર્યને એ રીતે ઓળખી શકાય કે, જુઓ, આ કાર્ય તેમના દ્વારા પ્રવર્તિત છે. હું ઇચ્છું છું કે ભારતમાં દયાનંદની ભાવના વિશુદ્ધ, અવિકૃત અને અપરિવર્તિત રૂપે કાર્ય કરતી રહે અને આપણને એ બધું પુનઃ પ્રાપ્ત કરાવે કે જેની આપણા જીવનમાં ખાસ જરૂર છે - વિશુદ્ધ શક્તિ, ઉચ્ચ સ્પષ્ટતા, સૂક્ષ્મદર્શક દૃષ્ટિ, કુશળ ભુજા, ઉમદા અને વર્ચસ્વી નિખાલસતા.

વૈદિક મેગેઝિન, 1915

: 2 :

દયાનંદ અને વેદ

દયાનંદે વેદોને પોતાના મજબૂત પાયાના ખડક તરીકે સ્વીકાર્યા. તેમણે વેદોને પોતાના જીવન પ્રત્યેના માર્ગદર્શક દૃષ્ટિકોણ, પોતાના આંતરિક અસ્તિત્વના શાસન અને બાહ્ય કાર્ય માટેની પ્રેરણા માટે ગ્રહણ કર્યા. પરંતુ તેમણે વેદોને એથી પણ વધુ માન્યા. તેમણે વેદોને શાશ્વત સત્યના શબ્દ રૂપે સ્વીકાર્યા કે જેને મનુષ્યમાત્ર પોતાના ઈશ્વર સંબંધી જ્ઞાન માટે તથા ઈશ્વર અને અન્ય મનુષ્ય સાથીઓ સાથેના પોતાના સંબંધોના જ્ઞાન માટે યોગ્ય અને સુરક્ષિત આધાર બનાવી શકે છે. વેદોના આ શાશ્વત ખડક વિશે ઘણા લોકો એવો દાવો કરે છે કે, વેદોનું કોઈ અસ્તિત્વ જ નથી; અને જો હોય તોપણ તેમાં સામાન્ય કાદવ અને રેતી સિવાય બીજું કંઈ જ નથી. એ લોકોનું કહેવું છે કે, વેદોમાં માત્ર આદિમ અસંસ્કારી લોકોનાં સ્તોત્ર છે, તેમાં માત્ર મૂર્તિમંત કુદરતી ઘટનાઓની અસંસ્કારી પૂજા છે. એટલું જ નહિ, તેમાં ઔપચારિક બલિદાન અથવા યજ્ઞના કર્મકાંડો, અડધો ધર્મ, અડધો જાદુ વગેરે છે, જેના દ્વારા આદિમ કાળના અંધશ્રદ્ધાળુ માનવ પ્રાણીઓ એવી કામનાઓ કરતા હતા કે, તેમને સોનું, ખોરાક અને પશુઓ મળશે, તેઓ પોતાના શત્રુઓને નિર્દયતાપૂર્વક મારી શકશે, તેઓ રોગ, મોટી આફત અને રાક્ષસી પ્રભાવોથી બચી રહેશે અને ભૌતિક સ્વર્ગનાં સ્થૂળ સુખો માણી શકશે. વેદ વિષયક ઉપરોક્ત બંને દૃષ્ટિકોણોની સાથે આપણે ત્રીજો દૃષ્ટિકોણ પણ ઉમેરવો જ રહ્યો, જે રૂઢિચુસ્ત છે અથવા ઓછામાં ઓછો જે સાયણના ભાષ્યમાંથી ઉદ્‌ભવ્યો છે. આ દૃષ્ટિકોણ વ્યવહારિક રીતે વેદોના પ્રતિપાદ્ય વિષયનું હલકું અને નિમ્ન કોટિનું અર્થઘટન સ્વીકારે છે અને તેમ છતાં - અથવા તેથી જ -

એ આ આદિમ પોથીને પવિત્ર ગ્રંથ અને પવિત્ર કાર્યોના ગ્રંથ તરીકે ઉત્તેજન આપે છે.

હવે આ બાબત માત્ર પાંડિત્યની જ નથી રહી, પરંતુ તેનું જીવંત મહત્ત્વ પણ છે અને એ પણ માત્ર દયાનંદના કાર્યના ન્યાયી અંદાજ માટે જ નહિ, પરંતુ આપણા ભૂતકાળની ચેતના અને આપણા ભવિષ્યને ઘડનારા પ્રભાવોના નિર્ધારણ માટે પણ તેનું જીવંત મહત્ત્વ છે. રાષ્ટ્ર ભૂતકાળમાં જેવું હતું અને વર્તમાનમાં જેવું છે, તેના બળથી જ એ આગળ વૃદ્ધિ પામે છે; અને આ વિકાસમાં એવા એવા તબક્કાઓ સભાનતાપૂર્વક અને અર્ધજાગ્રત અવસ્થામાં આવે છે, જેમાં રાષ્ટ્રીય આત્મા પોતાની પાસે જે કંઈ પણ હોય છે, તેમાંથી કશુંક પસંદ કરે છે, કશુંક સુધારે છે, કશુંક નકારે છે અને કશુંક ફગાવે છે; અથવા ભવિષ્યની વૃદ્ધિ અને ક્રિયા માટે તેને જે કંઈ પણ સામગ્રી અને મૂડી તરીકે જરૂરી લાગે છે, એ બધું તે પ્રાપ્ત કરે છે. આપણે હજુ પણ આવા પુનર્વિચાર અને પરીક્ષણ વગેરેના સમયગાળામાં છીએ અને દયાનંદ તેના મહાન અને રચનાત્મક આત્માઓ પૈકી એક હતા. પરંતુ ભૂતકાળની આપણી તમામ સામગ્રીઓમાં વેદો સૌથી વધુ પૂજનીય છે અને પ્રત્યક્ષ અને પરોક્ષ બંને રીતે એ સૌથી વધુ બળવાન રહ્યા છે. જ્યારે વેદોના અર્થ પણ સમજમાં આવતા ન હતા, જ્યારે તેની પરંપરાઓ પૌરાણિક સ્વરૂપોની પાછળ લુપ્ત થઈ ગઈ હતી, ત્યારે પણ જાણતા ન હોવા છતાંય વેદોને અધિકૃત ઈશ્વર-પ્રદત્ત જ્ઞાન તરીકે, સમસ્ત આદેશોના મૂળ સ્રોત તરીકે અને સમસ્ત સત્યના પ્રમાણ-ગ્રંથ તરીકે સન્માન આપવામાં આવતું હતું.

પરંતુ વેદો વિશે હંમેશાં આ બે પરસ્પર અસંગત પરંપરાઓ રહી છે : પ્રથમ એ કે વેદો કર્મકાંડ અને પૌરાણિક કથાઓના ગ્રંથ છે; અને બીજી એ કે એ દિવ્ય જ્ઞાનના ગ્રંથ છે. બ્રાહ્મણ-ગ્રંથોએ પ્રથમ પરંપરા મુજબ વેદોને ગ્રહણ કર્યા, જ્યારે ઉપનિષદોએ બીજી પરંપરા મુજબ વેદોને ગ્રહણ કર્યા. આગળ જતાં પંડિતોએ વેદોને મુખ્યરૂપે કર્મકાંડના તથા સાંસારિક કાર્યોના

ગ્રંથો તરીકે માન્ય કર્યા અને તત્ત્વજ્ઞાન કે વિશુદ્ધ જ્ઞાન માટે તેઓ બીજે આશ્રય શોધવા લાગ્યા. પરંતુ જાતિ પોતાની સહજ પ્રેરણાવશ વેદો સમક્ષ ઝૂકી ગઈ. તેણે વેદોની સર્વોચ્ચ પરંપરાની અસ્પષ્ટ સ્મૃતિ પોતાની અંદર અદમ્ય રૂપે બનાવી રાખી. આજે જ્યારે આપણા યુગમાં વેદોને તેના પ્રત્યેની શ્રદ્ધાપૂર્ણ ઉપેક્ષાનો પડદો હટાવીને તેના ધૂંધળા સુરક્ષિત સ્થાનેથી બહાર કાઢવામાં આવ્યા છે, ત્યારે પણ એ જ ઘટનાની પુનરાવૃત્તિ થઈ રહી છે. આજે એક તરફ પશ્ચિમના વિદ્વાનો સાયણના નિર્દેશોનો વિસ્તાર કરી વેદોને પ્રાકૃતિક દેવતાઓ પ્રત્યે ગાવામાં આવેલાં કર્મકાંડપરક સ્તોત્રોના ગ્રંથોની શ્રેણીમાં હંમેશને માટે વર્ગીકૃત કરતા હોય એવું લાગે છે; તો બીજી તરફ જાતિની પ્રતિભાએ દયાનંદની આંખોથી જોતાં, અનેક સદીઓથી ચાલી આવતી ભૂલને વીંધીને ફરીથી એ વાતનો સાક્ષાત્કાર કર્યો કે, વેદો અનાદિ દિવ્ય પ્રકાશના અંત:પ્રેરિત જ્ઞાન અને માનવતાને આપવામાં આવેલ દિવ્ય સત્યના ગ્રંથો છે. જે હોય તે, પરંતુ હવે આપણે એક અથવા બીજી પસંદગી કરવી જ પડશે. હવે આપણે વેદોને અજ્ઞાનપૂર્ણ શ્રદ્ધાના આવરણમાં લપેટી રાખીને કે પવિત્ર સ્વ-કપટ દ્વારા સંગોપિત કરીને - છુપાવી રાખીને - સુરક્ષિત નહિ રાખી શકીએ. કાં તો વેદો સાયણ કહે છે એવા જ છે; અને જો એમ હોય તો પછી આપણે તેને પૌરાણિક કથાઓ અને ધાર્મિક વિધિઓના દસ્તાવેજ તરીકે હંમેશને માટે છોડી દેવા પડશે; કારણ કે તેમાં વિચારશીલ મન માટે કોઈ જીવંત સત્ય કે બળ વિદ્યમાન નથી. અને જો વેદો પેલા યુરોપિયન વિદ્વાનો કહે છે એવા હોય, તો પછી આપણે તેને અર્ધ-અસંસ્કારી પૂજાના પ્રાચીન રિકૉર્ડ તરીકે ભૂતકાળના અવશેષો વચ્ચે સ્થાન આપવું રહ્યું. અથવા જો વેદો ખરેખર દિવ્ય જ્ઞાનના ગ્રંથો હોય, તો તેનો સંદેશ જાણવો અને સાંભળવો એ આપણા માટે સર્વોચ્ચ મહત્ત્વની બાબત બની જાય છે.

દયાનંદે વેદોને આપેલા અર્થ સામે વાંધો ઉઠાવવામાં આવે છે કે, એ સાચા અર્થ નથી, પરંતુ કલ્પનાશીલ પાંડિત્ય અને ચાતુર્યની મનસ્વી રચના છે. તેમની શૈલી પર દોષ લગાડવામાં આવે છે કે, એ વિચિત્ર છે અને જટિલ તર્કથી પરીક્ષણ કરવા જતાં અસ્વીકાર્ય ઠરે એવી છે. તેમના એ મંતવ્ય પર પણ કે 'વેદો ઈશ્વરપ્રણીત દિવ્ય જ્ઞાન છે' આપત્તિ કરવામાં આવે છે; કારણ કે એ વિચાર સ્વીકારી ન શકાય એવી એક અંધશ્રદ્ધા છે, જેને કોઈપણ પ્રબુદ્ધ મન સ્વીકારે કે નિષ્ઠાપૂર્વક જાહેર કરે એ અશક્ય છે. અહીં હું દયાનંદે કરેલા વેદમંત્રોના અર્થઘટનની નક્કરતાની કસોટી નહિ કરું. તેમના ભાષ્ય પર ભવિષ્યમાં કેવો નિર્ણય આવશે એની ભવિષ્યવાણી પણ હું નહિ કરું. અને ન તો હું તેમના 'વેદો ઈશ્વર-પ્રણીત છે' એવા સિદ્ધાંતની પણ અહીં ચર્ચા કરીશ. હું તો અહીં ફક્ત તેમના વેદ વિશેના વિચારોના આધારભૂત વ્યાપક સિદ્ધાંતો જ જણાવીશ, જે મારી સમક્ષ પ્રગટ થાય છે. કારણ કે મારી દૃષ્ટિએ એક મહાન આત્મા અથવા મહાન વ્યક્તિત્વનાં કર્મ અને વિચારમાં અગત્યની બાબત તેમણે તેને આપેલું સ્વરૂપ નથી હોતું, પરંતુ એ હોય છે કે તેમણે આપણી માનવીય ઉપલબ્ધિઓ અને દિવ્ય સંભવિતતાના આજ સુધીના ખૂબ જ અલ્પ જથ્થામાં પોતાનાં કર્મ દ્વારા કઈ સહાયક શક્તિ પ્રગટ કરી છે, પોતાના વિચારો દ્વારા કયું સહાયક સત્ય ઉમેર્યું છે અથવા એવું કયું મદદરૂપ સત્ય પુનઃ સ્થાપિત કર્યું છે.

પહેલાં એ જોઈ લઈએ કે દયાનંદે વિચિત્ર અને કાલ્પનિક ચાતુર્યથી વેદોના અર્થ કર્યા છે, એવો ખોટો આક્ષેપ કરનારા લોકો કોણ છે. શું આવો આક્ષેપ એવા લોકોનાં મોઢે શોભે છે કે જેઓ સાયણનું પરંપરાગત ભાષ્ય સ્વીકારે છે ? કારણ કે જો સ્વચ્છંદતાપૂર્વકની પાંડિત્યપૂર્ણ ચતુરાઈનું કોઈ સ્મારક હોય તો એ તો આ સાયણનું વેદ-ભાષ્ય છે; કારણ કે તેમાં આપણને એવા મહાન પાંડિત્યનાં દર્શન થાય છે કે જેમાં યોગ્ય નિર્ણય, સુનિશ્ચિત રુચિ અને પ્રામાણિક, આલોચનાત્મક અને તુલનાત્મક નિરીક્ષણ, પ્રત્યક્ષ

અવલોકન અને ઘણીવાર તો સાવ સામાન્ય બુદ્ધિ વગેરેની ઘોર ઉપેક્ષા કરવામાં આવી છે. એટલું જ નહિ, આ સાયણ-ભાષ્યમાં ભાષ્યકારે પોતાની પૂર્વ-કલ્પિત ધારણાને ગમે તે રીતે સિદ્ધ કરવા માટે મૂળભૂત ગ્રંથને સતત મારી-મચડીને તેની ઉપર પોતાનો અર્થ ઠોકી બેસાડવાની કોશિશ કરી છે. આવી ક્ષતિઓ પ્રાયઃ મહા પંડિતોમાં જોવા મળતી હોય છે. ઉપરોક્ત ત્રુટિઓને બાદ કરતાં સાયણાચાર્યનું ભાષ્ય ઘણું જ પ્રભાવશાળી અને પાંડિત્યપૂર્ણ છે, જે પરિશ્રમપૂર્વક તૈયાર કરવામાં આવ્યું છે અને શરૂઆતની પ્રાથમિક સામગ્રી તરીકે કંઈક ઉપયોગી થાય એવું પણ છે. જે લોકો યુરોપના વિદ્વાનો દ્વારા કરવામાં આવેલા આધુનિક પરિશ્રમને જ અંતિમ માની રહ્યા છે, એ લોકોનાં મોઢે પણ દયાનંદના વેદભાષ્ય પર દોષારોપણ કરવું શોભા નથી દેતું; કારણ કે યુરોપના એ વિદ્વાનોએ કરેલાં વેદ વ્યાખ્યાનોમાં કલ્પનાના ઘોડા દોડાવવાની સંપૂર્ણ છુટ લેવામાં આવી છે, તેમાં શંકાસ્પદ સંકેતોને નિશ્ચિત પુરાવા રૂપે રજૂ કરવામાં આવ્યા છે, તેમાં એકદમ નબળા આધાર પર હઠપૂર્વક સાહસિક તારણો કાઢવામાં આવ્યાં છે અને તેનો આગ્રહ કરવામાં આવ્યો છે. તેમાં પ્રચંડ મુશ્કેલીઓ પ્રત્યે ઉપેક્ષા સેવવામાં આવી છે. તેમાં મૂળ વેદોમાં જે સ્પષ્ટ અને સર્વગ્રાહ્ય સૂચનો જોવા મળે છે, તેની અવગણના કરીને પોતાની પૂર્વ નિર્ધારિત ધારણાઓનો પૂર્વાગ્રહ જાળવી રાખવામાં આવ્યો છે. તેમ છતાં આ યુરોપિયન પ્રયત્ન બીજી દૃષ્ટિએ અર્થાત્ દીર્ઘકાલીન અનુસંધાન, પરિશ્રમ, શુભ ભાવના અને સંશોધનની દૃષ્ટિએ નિઃસંદેહ ઘણો જ આદરણીય છે.

આ બાબતમાં જેનો આપણે વિચાર કરવો પડે એવો મુખ્ય ભાવાત્મક મુદ્દો કયો છે ? વેદોના અર્થઘટનની સફળતા કે નિષ્ફળતા એ વાત પર નિર્ભર કરે છે કે, તેમાં વૈદિક ધર્મના કેન્દ્રીય વિચાર વિશે શું કહેવાયું છે અને સ્વયં વેદોનાં જ પ્રમાણો એ અર્થઘટનનું કેટલી માત્રામાં સમર્થન કરે છે. આ

વિશે દયાનંદનો દૃષ્ટિકોણ એકદમ સ્પષ્ટ છે અને તેનો પાયો અડગ અને અખંડનીય છે. વેદોનાં સૂકતોમાં એક જ પરમ ઉપાસ્ય સત્તાની અનેક નામો દ્વારા સ્તુતિ કરવામાં આવી છે. આ વિવિધ નામો એ એક જ સત્તાના જુદા જુદા ગુણો અને શક્તિઓને વ્યક્ત કરવાના ઉદ્દેશ્યથી જ રચાયાં અને વપરાયાં છે. શું આ દયાનંદે પોતાની ખૂબ જ બૌદ્ધિક કલ્પનામાંથી ઊભો કરેલો કોઈ મનઘડંત વિચાર હતો ? બિલકુલ નહિ. સ્વયં વેદોનું સ્પષ્ટ કથન છે કે, ઋષિઓ - તમે ખાસ ધ્યાનમાં રાખશો કે અજ્ઞાનીઓ નહિ, પરંતુ ઋષિઓ એટલે કે દ્રષ્ટાઓ, જ્ઞાનીઓ - એક જ સત્તાને - એક જ ઈશ્વરને - ઇન્દ્ર, યમ, માતરિશ્વા અને અગ્નિ વગેરે અનેક નામોથી વર્ણવે છે.[14] વૈદિક ઋષિઓ પોતાના ધર્મ વિશે તો ચોક્કસપણે કંઈક જાણતા જ હોવા જોઈએ; અને આપણે આશા રાખીએ કે તેઓ રોથ કે મેકસમૂલર કરતાં તો આ અંગે કંઈક વધુ જ જ્ઞાન ધરાવતા હોવા જોઈએ; અને તેઓ જે જાણતા હતા, એ આ જ હતું.

આપણે જાણીએ છીએ કે આધુનિક વિદ્વાનો વેદોના આ પ્રમાણથી બચવા માટે કેવી તોડમરોડ કરે છે. તેઓ કહે છે કે, ‘આ ઉપરોક્ત વેદમંત્ર (ઋગ્વેદ : 1.164.46) તો પાછળની રચના છે. આ આટલો ઉચ્ચ વિચાર કે જે આટલી સ્પષ્ટતા અને પ્રબળતાની સાથે પ્રગટ કરવામાં આવ્યો છે, એ આર્યોના મનમાં કોઈ રીતે બાદમાં ઉદ્ભવ પામ્યો હશે; અથવા તો આ વિચાર આ અજ્ઞાની અગ્નિપૂજક, સૂર્યપૂજક અને નભપૂજક આર્યોના મનમાં સ્વયં ન પણ ઉદ્ભવ્યો હોય, બલ્કે તેમણે આ વિચાર પોતાના સુસંસ્કૃત તથા દાર્શનિક દ્રાવિડ શત્રુઓ પાસેથી ઉધાર લીધો હોવો જોઈએ.’ પરંતુ આપણને સંપૂર્ણ વેદોમાં આ વિચારની પુષ્ટિ કરનારા મંત્રો અને વચનો જોવા મળે છે : વેદમંત્રોમાં અગ્નિ, ઇન્દ્ર કે અન્ય દેવતા સ્પષ્ટતાપૂર્વક એવી રીતે વર્ણિત

14. इन्द्रं मित्रं वरुणमग्नि माहुरथो दिव्यः स सुपर्णो गरुत्मान्।
एकं सद् विप्रा बहुधा वदन्त्यग्निं यमं मातरिश्वानमाहुः ॥

કરવામાં આવ્યા છે કે એ બીજા બધા દેવોની સાથે એક છે. અગ્નિ પોતાની અંદર અન્ય તમામ દિવ્ય શક્તિઓ ધરાવે છે. મરુતોને સર્વદેવતામય વર્ણવવામાં આવ્યા છે. એક જ દેવતાને બીજાઓનાં તેમ જ તેના પોતાના નામથી સંબોધિત કરવામાં આવ્યા છે; અથવા તેમને વિશ્વના રાજા કે સ્વામી સમજીને ફક્ત સર્વોચ્ચ દેવના અર્થાત્ ઈશ્વરના જ હોય એવા ગુણોથી વર્ણિત કરવામાં આવ્યા છે. પરંતુ આધુનિક વિદ્વાનો આ વાતને અમાન્ય કરતાં કહે છે કે, આનો અર્થ એકેશ્વરવાદ અથવા એક જ ઈશ્વરની પૂજા-ઉપાસના એવો ન થઈ શકે, એવો અર્થ કરવો પણ ન જોઈએ અને એવો અર્થ કોઈ પણ રીતે થવો પણ ન જ જોઈએ. તેઓ કહે છે કે, 'ચાલો, આ માટે આપણે એક નવા જ શબ્દની શોધ કરીએ. આપણે તેને 'હિનોથિસમ'[15] કહીશું અને એમ માનીશું કે, ઋષિઓ વાસ્તવમાં અગ્નિ કે ઇન્દ્રને સર્વોચ્ચ દેવ અર્થાત્ ઈશ્વર માનતા ન હતા, પરંતુ તેઓ કોઈ પણ એક દેવતા સાથે અથવા પ્રત્યેક દેવતા સાથે જે-તે સમયે એવો વ્યવહાર કરતા હતા કે જાણે એ જ એક દેવતા સર્વોચ્ચ સત્તા એટલે કે ઈશ્વર ન હોય. ઋષિઓ એ દેવતાઓની ખુશામત કરવા માટે આવું કરતા હતા. તેઓ એવું માનતા હતા કે કદાચ આવી અતિશય ખુશામત કરવાથી આ દેવતાઓ તેમને વધુ કૃપાદષ્ટિથી સાંભળશે.' અહીં મારું કહેવું છે કે તો પછી શા માટે સ્વાભાવિક એકેશ્વરવાદને જ વૈદિક વિચારનો આધાર માનવામાં ન આવે ? અને આ નવીન ઘડી કાઢવામાં આવેલા ભયંકર હિનોથિસમની જરૂર જ શી છે ? શું ફક્ત એટલા જ માટે કે, આદિમ અસભ્ય લોકો કદાચ આ પ્રકારના ઉચ્ચ વિચારો સુધી પહોંચી શકતા ન હતા; અને જો તેમને એટલા ઉન્નત માની લેવામાં આવે તો તમારા ઉત્ક્રાંતિવાદ દ્વારા અનુમોદિત માનવીય ઉન્નતિની

15. Henotheism એટલે એકૈકાદિદેવવાદ અથવા એકૈક-અધિદેવવાદ - એવો એકેશ્વરવાદ કે જેમાં એવો કોઈ આગ્રહ ન હોય કે તે જ ઈશ્વર છે.

ક્રમિક અવસ્થાઓના સિદ્ધાંત પર પાણી ફરી વળે છે અને વેદમંત્રોના આશય વિશે તથા માનવજાતિના ઇતિહાસમાં વેદોનું જે સ્થાન છે એ વિશે તમે લોકોએ જે વિચારધારા રજૂ કરી છે, એ સદંતર નષ્ટ થઈ જાય છે ? માટે સત્યને ભલે છુપાઈ જવું પડે, સામાન્ય બુદ્ધિને પણ ભલે મેદાન છોડીને પલાયન થઈ જવું પડે, કે જેથી તમારો એક વાદ - થિયરી ફૂલી-ફાલી શકે ! તમારો આ જ આશય ઠર્યો ને ? હું અહીં પૂછું છું - ખાસ આ મુદ્દા પર, આ આધારભૂત મુદ્દા પર પૂછું છું - કે કોણ મૂળ વેદ સાથે તોડમરોડ વગર, સીધી અને સ્પષ્ટ રીતે વર્તી રહ્યું છે - દયાનંદ કે પશ્ચિમના વિદ્વાનો ?

પરંતુ જો દયાનંદના આ મૂળભૂત મુદ્દાને માન્યતા આપવામાં આવે અને સ્વયં વૈદિક ઋષિઓએ પોતાના દેવતાઓને જે સ્વરૂપ આપ્યું છે તેનો સ્વીકાર કરવામાં આવે, તો આપણે એ સ્વીકારવું જ રહ્યું કે જ્યારે પણ વેદમંત્રો અગ્નિ કે અન્ય કોઈ દેવતાની વાત કરે છે, ત્યારે ઋષિઓના વિચારમાં એ નામની પાછળ હંમેશાં એક સર્વોચ્ચ દેવતા અર્થાત્ ઈશ્વર હાજર હોય છે; અથવા એ જ સર્વોચ્ચ દેવતાની કોઈ એક શક્તિ પોતાના અનુચર ગુણો અથવા કાર્યો સાથે વિદ્યમાન હોય છે. આ મુજબ જોતાં તરત જ વેદોનું સંપૂર્ણ સ્વરૂપ દયાનંદે નિર્ધારિત કરેલા વેદાર્થ અનુસાર સુનિશ્ચિત થઈ જાય છે; અને સાયણની ફક્ત કર્મકાંડપરક, ગાથાવાદી અને બહુદેવતાત્મક વ્યાખ્યા તથા યુરોપિયનોની હવામાનશાસ્ત્રીય કે અંતરિક્ષવિદ્યાપરક અને પ્રકૃતિવાદી વ્યાખ્યા બંને જમીનદોસ્ત થઈ જાય છે. અને તેની જગ્યાએ આપણને પ્રાપ્ત થાય છે એક વાસ્તવિક ઈશ્વરીય જ્ઞાનગ્રંથ કે જે વિશ્વના સૌથી પવિત્ર ગ્રંથોમાંનો એક છે, જે એક ઉદાત્ત અને ઉમદા ધર્મની દિવ્ય વાણી છે.

વેદોના વિષયમાં દયાનંદના બાકીના તમામ સિદ્ધાંતો આ જ મૂળભૂત વિચારનું તાર્કિક પરિણામ છે. જો દેવતાઓનાં નામ એક જ પરમ દેવ અર્થાત્ ઈશ્વરના ગુણો વ્યક્ત કરતાં હોય અને ઋષિઓ પણ એ ગુણોની જ

ઉપાસના કરતા હોય અને એ ગુણો પ્રત્યે જ પોતાની અભીપ્સા પ્રેરિત કરતા હોય, તો એટલું સુનિશ્ચિત છે કે વેદોમાં દિવ્ય પ્રકૃતિના મનોવિજ્ઞાન વિશેનું તથા ઈશ્વર સાથેના મનુષ્યના સંબંધોને લગતા મનોવિજ્ઞાન વિશેનું જ્ઞાન પ્રચુર માત્રામાં વર્ણિત હોવું જોઈએ. એ ઉપરાંત, વેદોમાં મનુષ્યના ઈશ્વર અભિમુખ વ્યવહારને સંચાલિત કરતા નિયમનો પણ સતત નિર્દેશ હોવો જોઈએ. દયાનંદ ભારપૂર્વક કહે છે કે વેદોમાં આવું નૈતિક તત્ત્વ વિદ્યમાન છે. દયાનંદને વેદોમાં ઈશ્વર દ્વારા મનુષ્યને આપવામાં આવેલ જીવનના નિયમનાં દર્શન થાય છે. અને જો વૈદિક દેવતાઓ પેલા સર્વોચ્ચ દેવતાની શક્તિઓને વ્યક્ત કરતા હોય કે જે વિશ્વનો સર્જક, શાસક અને પિતા છે, તો વેદોમાં અનિવાર્યપણે બ્રહ્માંડશાસ્ત્રનું એટલે કે સૃષ્ટિ અને સૃષ્ટિના નિયમોનું પર્યાપ્ત વર્ણન હોવું જ જોઈએ. દયાનંદ દૃઢતાપૂર્વક પ્રતિપાદન કરે છે કે, વેદોમાં આવું બ્રહ્માંડશાસ્ત્ર વિષયક જ્ઞાન વિદ્યમાન છે, તેમાં સૃષ્ટિરચના તથા પ્રાકૃતિક નિયમોનું વર્ણન છે કે જેના દ્વારા સર્વજ્ઞ ઈશ્વર જગતનું સંચાલન કરે છે.

ન તો પાશ્ચાત્ય પાંડિત્ય કે ન તો કર્મકાંડીય પાંડિત્ય વેદમંત્રોના મનોવૈજ્ઞાનિક અને નૈતિક મૂલ્યને રદ કરવામાં સફળ થઈ શક્યું છે. પરંતુ એ બંને પોતપોતાનાં કારણોથી તેને જુદા જુદા અંશે કમ કરવાના પ્રયત્નો કરી રહ્યાં છે. પાશ્ચાત્ય વિદ્વાનો વેદોની મહત્તા કમ કરવાના પ્રયત્નો એટલા માટે કરી રહ્યા છે કે જ્યારે જ્યારે તેઓ પોતાની સમક્ષ આ પ્રારંભિક કાળનાં વચનોમાંથી કોઈ એવા વિચારને સામે આવતો જુએ છે કે જે આદિમ ન હોઈ શકે, ત્યારે ત્યારે તેઓ બેચેની અનુભવવા લાગે છે; અને ત્યારે તેઓ અમુક સ્થાને સ્વયં તેમણે જ કરેલી વ્યાખ્યાઓને કે જે તેમના પોતાના જ શબ્દશાસ્ત્રીય અને સમાલોચનાત્મક તર્કના બળ પર સ્વીકાર્યપણે જરૂરી હોય છે, તેને પણ તિલાંજલિ આપતા તેઓ ખચકાતા નથી. તેઓ આવું

એટલા માટે કરે છે કે, જો તેઓ તેને હંમેશાં સ્વીકારીને ચાલે તો તેમને વેદોમાં બહુધા એવા ગંભીર અને સૂક્ષ્મ મનોવૈજ્ઞાનિક વિચારો નજરે પડશે, જે તેમની દૃષ્ટિએ આદિમકાલીન મસ્તિષ્કોમાં ઊઠવા અસંભવ છે ! સાયણ વેદોના મનોવૈજ્ઞાનિક અને નૈતિક મૂલ્યને ઓછું આંકવાની કોશિશ એટલા માટે કરે છે કે તેમના મત અનુસાર વેદો એવું નૈતિક ધર્માચરણ શીખવતા નથી કે જેનું ફળ નૈતિક અને આધ્યાત્મિક હોય. તેમના માટે તો વેદો માત્ર યંત્રવત્ યાજ્ઞિક ક્રિયાકલાપો કરવાનો જ ઉપદેશ આપે છે, જેનાથી ભૌતિક ફળ પ્રાપ્ત થાય છે. આમ, વેદોના નૈતિક અને આધ્યાત્મિક મહત્ત્વને દબાવી રાખવાના જુદા જુદા પ્રયત્નો કરવામાં આવ્યા. વેદો પર વિચિત્ર પ્રકૃતિવાદ અને નીરસ કર્મકાંડના અર્થો આરોપિત કરવામાં આવ્યા. પરંતુ વેદોના સત્ય સ્વરૂપને દાબી રાખવાના આટલા પ્રયત્નો વચ્ચે પણ વેદોના ઉચ્ચ વિચારો વિચિત્ર પ્રકૃતિવાદના કથિત બોજ કે નીરસ કર્મકાંડની વિરુદ્ધ સ્વયંને આજ સુધી પ્રગટ કરતા આવ્યા છે. વેદમંત્રોમાં વૈદિક દેવતાઓનું સતત એવું વર્ણન જોવા મળે છે કે તેઓ જ્ઞાન, શક્તિ અને શુદ્ધતાના સ્વામીઓ, પવિત્ર કરનાર, દુઃખ અને દુષ્ટતા મટાડનાર, પાપ અને અસત્યનો નાશ કરનાર તથા સત્યના યોદ્ધા છે. ઋષિઓ નિરંતર પ્રાર્થના કરતા રહે છે કે, અમારાં દુઃખ દૂર કરો, અમને પવિત્ર કરો, અમને જ્ઞાનના દ્રષ્ટા અને સત્યના સ્વામી બનાઓ, અમને દિવ્ય નિયમમાં ધારણ કરતા રહો, અમને બળ, પૌરુષ અને શક્તિથી સહાયતા પ્રદાન કરો, અમને આ બધા ગુણોથી સજ્જ કરો. વેદો આવાં દિવ્ય ઋત્ અને સત્યનો પ્રકાશ કરે છે, એ વિચાર દયાનંદે આપણી સમક્ષ મૂક્યો છે. વેદો હિબ્રૂ બાઇબલ અને જરથુસ્ત્રી અવસ્તા સમાન અથવા તેનાથી પણ ક્યાંય વધીને ઈશ્વરીય વિધાનના ગ્રંથ છે.[16]

16. મહર્ષિ દયાનંદના મંતવ્ય અનુસાર ફક્ત ઋગ્વેદ વગેરે ચાર વેદ મંત્ર સંહિતાઓ જ ઈશ્વર-પ્રણીત છે, અન્ય કોઈ ગ્રંથ ઈશ્વર-પ્રણીત નથી.

વેદોમાં વિશ્વને લગતાં તત્ત્વો પણ ખૂબ જ નોંધપાત્ર છે. ઋષિઓ હંમેશાં જુદા જુદા લોકોનું, એ લોકોનું નિયમન કરનારા અટલ નિયમોનું તથા વિશ્વમાં જોવા મળતી ઈશ્વરીય કાર્યપદ્ધતિઓનું વર્ણન કરે છે. પરંતુ દયાનંદ તો એથી પણ આગળ જઈને ખાતરીપૂર્વક કહે છે કે, વેદોનાં સૂકતોમાં આધુનિક ભૌતિક વિજ્ઞાનનાં સૂત્રો શોધી શકાય છે. અહીં આપણી સમક્ષ એક એવો મૂળભૂત સિદ્ધાંત છે કે જેના વિશે કોઈપણ વાજબી ગેરસમજ થઈ શકે છે. હું કબૂલ કરું છું કે હું આ વિશે મારી કોઈ સુનિશ્ચિત સંમતિ આપવા માટે સમર્થ નથી. પરંતુ હું એટલું તો જરૂર કહીશ કે પ્રાચીન જગત વિશેના આપણા જ્ઞાન-વિજ્ઞાનની વર્તમાન દિશા દયાનંદના આ વિચારને ઉત્તરોત્તર સમર્થન આપી રહી છે. પુરાતન સભ્યતાઓ વિજ્ઞાનનાં રહસ્યો જાણતી હતી, જેમાંનાં કેટલાંક રહસ્યો આધુનિક વિજ્ઞાને પુનઃ પ્રાપ્ત કર્યાં છે, તેને સ્પષ્ટ, વિસ્તૃત અને સમૃદ્ધ કર્યાં છે. પરંતુ હજુ પણ કેટલાંક એવાં રહસ્યો છે, જેને આધુનિક વિજ્ઞાન આજ સુધી પુનઃ પ્રાપ્ત કરી શક્યું નથી. આથી દયાનંદના એ વિચારમાં કે વેદોમાં વિજ્ઞાનનાં તેમ જ ધર્મનાં સત્યો છે, કશું જ મનમાની કલ્પના જેવું નથી. હું તો અહીં મારી પ્રતીતિ જોડવા માંગું છું કે વેદોમાં એક વિજ્ઞાનનાં એવાં બીજાં સત્યો પણ છે, જેને વર્તમાન જગત બિલકુલ જાણતું નથી. આ દૃષ્ટિએ જોઈએ તો વેદોની ગંભીરતા અને વિશાળતા વિશે દયાનંદે જે કહ્યું છે એ અતિશયોક્તિ નહિ, પરંતુ અલ્પોક્તિ જ છે.

દયાનંદ ભાષા-વિજ્ઞાન અને વ્યુત્પત્તિશાસ્ત્રની જે પદ્ધતિના આધારે પોતાના નિષ્કર્ષો પર પહોંચ્યા છે, એ પદ્ધતિ પર પણ વાંધો ઉઠાવવામાં આવે છે, ખાસ કરીને વેદોમાં આવતા દેવતાઓનાં નામ વિશે દયાનંદ જે રીતે વર્ત્યા છે એને લઈને. પરંતુ હું નિશ્ચયાત્મક રૂપે માનું છું કે આ બાબતે વાંધો ઉઠાવવો એ ભૂલભરેલું કાર્ય છે. આ ભૂલનું કારણ એ છે કે આપણે

પ્રાચીન ભાષાના અભ્યાસમાં ભાષા વિષયક આધુનિક વિચારોને ઘુસાડવાની કોશિશ કરીએ છીએ. આપણે આધુનિક લોકો શબ્દોનો પ્રયોગ પ્રચલિત સિક્કાની માફક કરીએ છીએ, જેમાં શબ્દના મૂળભૂત અર્થનું એટલે કે ધાત્વર્થનું કોઈ પણ પ્રકારનું સ્મરણ કે મૂલ્યાંકન કરવામાં આવતું નથી. જ્યારે આપણે બોલીએ છીએ ત્યારે આપણા ધ્યાનમાં એ કથિત વસ્તુ જ રહે છે અને તેનો વ્યંજક શબ્દ આપણા ધ્યાનમાં બિલકુલ રહેતો નથી; કારણ કે આપણા માટે શબ્દ તો એક નિર્જીવ અને નિસ્તેજ વસ્તુ છે, એ તો ભાષાના ચાલુ સિક્કાઓમાંનો એક સિક્કો જ છે, જેને પોતાનું કોઈ જ મૂલ્ય નથી. આપણે આવું માની બેઠા છીએ. પરંતુ પુરાતન ભાષામાં આથી ઊલટું હતું, જેમાં શબ્દ એક જીવંત વસ્તુ હતો કે જે અર્થનો બોધ કરાવતી મૂળભૂત શક્તિઓ ધરાવતો હતો. તેના મૂળ અર્થોને એટલે કે ધાત્વર્થોને સ્મરણ રાખવામાં આવતા હતા, કારણ કે એ અર્થોને ઉપયોગમાં લેવામાં આવતા હતા. આથી વક્તાના મનમાં શબ્દની ઓજસ્વિતાનો વૈભવ સ્પષ્ટરૂપે તરવરતો હતો. આજે આપણે એક શબ્દ બોલીએ છીએ - 'વરૂ'. આ શબ્દથી આપણને ફક્ત એક ખાસ પ્રકારના પશુનું જ ધ્યાન થાય છે. આપણે 'વરૂ'ના બદલે કોઈ બીજા એવા ધ્વનિનો ઉપયોગ કરીને પણ આપણો આ હેતુ પૂરો કરી શકતા હતા કે જે ધ્વનિનો પ્રયોગ એ અર્થમાં પ્રચલિત હોય. પ્રાચીન લોકો આ માટે ફાડી નાખનાર એવા અર્થમાં વપરાતા 'વૃક' શબ્દનો પ્રયોગ કરતા હતા અને જ્યારે તેઓ આ શબ્દ બોલતા હતા ત્યારે તેમના મનમાં 'વૃક' શબ્દનો આ આશય રહેતો હતો. જ્યારે આપણે 'અગ્નિ' શબ્દનું ઉચ્ચારણ કરીએ છીએ ત્યારે આપણા મનમાં ફક્ત ભૌતિક આગનું જ ધ્યાન આવે છે; અને આપણા માટે આ 'અગ્નિ' શબ્દ બીજા કોઈ જ કામનો નથી. પરંતુ પ્રાચીન લોકોની દૃષ્ટિએ 'અગ્નિ' શબ્દના બીજા પણ અનેક અર્થ થતા હતા. આ શબ્દ સ્થૂળ ભૌતિક આગ માટે પણ એટલા જ માટે વપરાતો હતો કે તેના મૂળ અર્થોમાં એટલે કે ધાત્વર્થ મુજબના

અર્થોમાં એક અર્થ ભૌતિક આગ પણ થાય છે. આપણા શબ્દોની શક્તિ કાળજીપૂર્વક એક અથવા બે જ અર્થો પહોંચાડવા સુધી મર્યાદિત હોય છે, પરંતુ પ્રાચીન લોકોના શબ્દો ઘણા બધા અર્થો વ્યક્ત કરવામાં સક્ષમ હતા. તેમના માટે ધારે ત્યારે 'અગ્નિ', 'વરુણ' કે 'વાયુ' જેવા એક જ શબ્દનો ઘણા બધા સંબંધિત અને જટિલ વિચારો માટે સાઉન્ડ ઇન્ડેક્ષ અથવા ચાવીરૂપ શબ્દ તરીકે ઉપયોગ કરવાનું એકદમ સરળ હતું. એમાં કોઈ શંકા નથી કે વૈદિક ઋષિઓએ વેદમંત્રોમાં પોતાની ભાષાના અપાર સામર્થ્યનો - સંભવિતતાનો ચોક્કસપણે લાભ લીધો છે. ઉદાહરણ તરીકે, તેમણે 'ગૌ' અને 'ચંદ્ર' જેવા શબ્દોનો જે રીતે ઉપયોગ કર્યો છે, એ નોંધપાત્ર છે.[17] નિરુક્ત પણ વૈદિક શબ્દોના સામર્થ્યની સાક્ષી આપે છે અને બ્રાહ્મણ-ગ્રંથો તથા ઉપનિષદોમાં પણ આપણે જોઈએ છીએ કે શબ્દોના આ સ્વતંત્ર અને પ્રતીકાત્મક ઉપયોગની સ્મૃતિ હજુ પણ સચવાયેલી છે.

એ બિલકુલ સત્ય છે કે ભાષાઓના તુલનાત્મક અભ્યાસથી યુરોપિયન વિદ્વાનોને જે લાભ મળ્યો છે, એવો લાભ દયાનંદને નહોતો મળ્યો. ભલે આધુનિક શિક્ષણ દુર્ભાગ્યપૂર્ણ રીતે ખામીયુક્ત રહ્યું, તેમ છતાં પ્રાચીન નિરુક્તમાં જે ખામીઓ જોવા મળે છે તેને ભરવામાં એ મદદરૂપ થાય છે. આથી ભવિષ્યમાં આપણે વેદોના અર્થઘટન માટે પ્રકાશના આ બંને સ્રોતોનો ઉપયોગ કરવો પડશે. તેમ છતાં આ માત્ર વિગતવાર બાબતોને જ અસર કરે છે અને દયાનંદના વેદ-ભાષ્યના મૂળભૂત સિદ્ધાંતોને સ્પર્શતું નથી. વિગતવાર ભાષ્ય અથવા અર્થઘટન એ બુદ્ધિ અને વિદ્વત્તાનું કાર્ય છે અને

17. મહર્ષિ દયાનંદના મંતવ્ય અનુસાર ઈશ્વર મનુષ્યમાત્રના માર્ગદર્શન માટે સૃષ્ટિના આરંભમાં ચાર આદિ ઋષિઓના અંતઃકરણમાં એક-એક વેદનો પ્રકાશ કરે છે. વેદો અપૌરુષેય છે. વેદોની રચના ઋષિઓએ નથી કરી; ઋષિઓએ તો વેદોના સત્ય અર્થોનો પ્રકાશ કર્યો છે, વ્યાખ્યાનો કર્યાં છે. આથી ઋષિઓ મંત્રદ્રષ્ટા અને મંત્રાર્થદ્રષ્ટા છે; મંત્રોના રચયિતા - વેદોના કર્તા નથી.

બુદ્ધિપૂર્વકના અભિપ્રાય અને વિદ્વત્તાની બાબતમાં માણસો પ્રકરણના અંત સુધી મત-ભિન્નતા ધરાવતા હોય તેવું લાગે છે, પરંતુ તમામ મૂળભૂત સિદ્ધાંતોમાં, એ મહાન અને મૂળભૂત નિર્ણયોમાં કે જ્યાં બુદ્ધિના કાર્યમાં મદદ કરવા માટે અંતર્જ્ઞાનની આંખ હોય છે, ત્યાં દયાનંદ વેદોના જ પદાર્થ, તર્ક અને યુક્તિ દ્વારા તથા માનવજાતના ભૂતકાળ વિશેના આપણા વધતા જતા જ્ઞાન દ્વારા ન્યાયસંગત પુરવાર થાય છે. વેદો અનેક નામો અને શક્તિઓ ધરાવતા એક જ ઈશ્વરની સ્તુતિ કરે છે. વેદો દિવ્ય નિયમ અને એ નિયમને પરિપૂર્ણ કરવાની માણસની આકાંક્ષાની ઉજવણી કરે છે. વેદો આપણને વ્યવસ્થાવાળા વિશ્વના નિયમો સૂચવે છે.

ઈશ્વર-પ્રણીત જ્ઞાનના પ્રશ્ન પર લખવા માટે હવે મારી પાસે સ્થાન રહ્યું નથી. પરંતુ એટલું કહેવું પૂરતું છે કે અહીં પણ દયાનંદ સંપૂર્ણ રીતે તાર્કિક હતા. તેમણે વેદો ઈશ્વર-પ્રણીત અને અપૌરુષેય છે એ સિદ્ધાંત પકડી રાખ્યો હતો અને તેને ઉદ્‌ઘોષિત કર્યો હતો, માત્ર એટલા જ માટે તેમની સત્યનિષ્ઠા પર પ્રશ્ન ઉઠાવવો, એ તો ખૂબ જ વિચિત્ર વાત છે. જો આપણે સાચે જ અસ્તિત્વને થોડુંઘણું સમજવા માંગતા હોઈએ, તો આપણે ત્રણ મૂળભૂત સત્તાઓનો સ્વીકાર કરવો પડશે અને એ ત્રણેય સત્તાઓના પારસ્પરિક સંબંધોનું જ્ઞાન પણ કરવું પડશે. આ ત્રણ મૂળભૂત સત્તાઓ છે : 1. ઈશ્વર, 2. પ્રકૃતિ અને 3. આત્મા. દયાનંદે પૂરતા મજબૂત આધારો પર પ્રતિપાદિત કર્યું છે કે, વેદો આપણી સમક્ષ ઈશ્વરનું સ્વરૂપ પ્રગટ કરે છે, પ્રકૃતિના નિયમો પ્રગટ કરે છે અને આત્માના ઈશ્વર અને પ્રકૃતિ સાથેના સંબંધો પ્રગટ કરે છે. અને જ્યારે આવું હોય તો પછી વેદો દિવ્ય સત્યોનો પ્રકાશ કરનારા ઈશ્વરીય જ્ઞાનગ્રંથો સિવાય બીજું શું હોઈ શકે ? દયાનંદના મંતવ્ય મુજબ વેદો આપણી સમક્ષ સંપૂર્ણ સત્યનો સર્વથા નિર્દોષ રૂપે પ્રકાશ કરે છે. આવું હોય તો વેદોને આપણે નિર્ભ્રાંત ધર્મગ્રંથો તરીકે જરૂર સ્વીકારી શકીએ છીએ. બાકીનો પ્રશ્ન તો કેવળ ઈશ્વરીય જ્ઞાનના આવિર્ભાવ કે પ્રાગટ્યની

પદ્ધતિનો, આપણી મનુષ્યજાતિ સાથે ઈશ્વરના વ્યવહારનો અને મનુષ્યના મનોવિજ્ઞાન અને શક્યતાઓનો છે. આધુનિક વિચાર પ્રકૃતિ અને નિયમનો સ્વીકાર તો કરે છે, પરંતુ એ ઈશ્વરની સત્તા અને તેના દ્વારા આપવામાં આવતા ઈશ્વરીય જ્ઞાનની સંભાવનાનો નિષેધ કરે છે. પરંતુ એથી શું ? એમ તો આધુનિક વિચારે અગાઉ પણ આ રીતે બીજી ઘણી એવી વાતોનો ઇનકાર કર્યો હતો કે જેનો એ આજે ફરીથી સ્વીકાર કરવા માટે ખૂબ જ વ્યસ્ત છે. આપણે એક મનીષી મહાપુરુષ પાસે એવી તો અપેક્ષા ન રાખી શકીએ કે એ જ્યાં-ત્યાંથી લઈ આવવામાં આવેલા કોઈ અણઘડ અભિપ્રાયનો કે ચાલુ સમયની કોઈ અસ્થાયી માન્યતાઓનો ગુલામ બને. એ મહાપુરુષની મહાનતાનો અસલી સાર તો એમાં જ રહેલો હોય છે કે, એ પેલી પાર જુએ છે અને ઊંડાણપૂર્વક જુએ છે.

વેદોની વ્યાખ્યા અંગે હું દૃઢતાપૂર્વક માનું છું કે, વેદોની અંતિમ સર્વાંગપૂર્ણ વ્યાખ્યા ભલે ગમે તે હોય, પરંતુ એ માટેનાં સાચાં સૂત્રોના સર્વપ્રથમ આવિષ્કારક રૂપે દયાનંદ હંમેશને માટે આદરણીય બની રહેશે. એ તેમની જ પ્રત્યક્ષદર્શી દૃષ્ટિ હતી, જે પુરાતન અજ્ઞાન અને યુગવ્યાપી ભ્રાંતિઓની અવ્યવસ્થા અને અંધકારને ભેદીને સીધી જ સત્યના મર્મ સુધી પહોંચી હતી અને જે સારતત્ત્વ હતું તેની પર જઈને સ્થિર થઈ હતી. તેમણે યુગોથી જે દરવાજા બંધ પડ્યા હતા તેની ચાવીઓ શોધી કાઢી અને બંધ ઝરણાંના મુખ પર જે મહોર મારી હતી તેને તોડીને ફેંકી દીધી.

વૈદિક મેગેઝિન, 1916

• • •

આર્યસમાજના નિયમો

1. સર્વ સત્ય વિદ્યા અને જે પદાર્થ વિદ્યાથી જાણવામાં આવે છે, તે સર્વનું આદિ મૂળ પરમેશ્વર છે.
2. ઈશ્વર સચ્ચિદાનંદસ્વરૂપ, નિરાકાર, સર્વશક્તિમાન, ન્યાયકારી, દયાળુ, અજન્મા, અનંત, નિર્વિકાર, અનાદિ, અનુપમ, સર્વાધાર, સર્વેશ્વર, સર્વવ્યાપક, સર્વાન્તર્યામી, અજર, અમર, અભય, નિત્ય, પવિત્ર અને સૃષ્ટિકર્તા છે. તેની જ ઉપાસના કરવી યોગ્ય છે.
3. વેદ સર્વ સત્ય વિદ્યાઓનું પુસ્તક છે. વેદનું ભણવું-ભણાવવું અને સાંભળવું-સંભળાવવું એ સર્વ આર્યોનો પરમ ધર્મ છે.
4. સત્યને ગ્રહણ કરવામાં અને અસત્યને છોડવામાં સર્વદા ઉદ્યત રહેવું જોઈએ.
5. સર્વ કામ ધર્માનુસાર અર્થાત્ સત્ય અને અસત્યનો વિચાર કરીને કરવાં જોઈએ.
6. સંસારનો ઉપકાર કરવો એ આ સમાજનો મુખ્ય ઉદ્દેશ્ય છે અર્થાત્ શારીરિક, આત્મિક અને સામાજિક ઉન્નતિ કરવી.
7. સૌની સાથે પ્રીતિપૂર્વક, ધર્માનુસાર, યથાયોગ્ય વર્તવું જોઈએ.
8. અવિદ્યાનો નાશ અને વિદ્યાની વૃદ્ધિ કરવી જોઈએ.
9. દરેકે પોતાની જ ઉન્નતિથી સંતુષ્ટ ન રહેવું જોઈએ, પરંતુ સૌની ઉન્નતિમાં પોતાની ઉન્નતિ સમજવી જોઈએ.
10. સર્વ મનુષ્યોએ સામાજિક સર્વહિતકારી નિયમ પાળવામાં પરતંત્ર રહેવું જોઈએ અને પ્રત્યેક હિતકારી નિયમમાં સૌ સ્વતંત્ર રહે.

•••



નોંધ : ઓક્ટોબર ૧૮૭૪માં જબલપુરમાં ત્યાંના એક્સ્ટ્રા આસિસ્ટંટ કમિશનર કૃષ્ણરાવે પોતાના ઘરે મહર્ષિ દયાનંદને આમંત્રિત કરીને એમનો આ ફોટો પડાવ્યો હતો. ત્યારે મહર્ષિનું પચાસમું વર્ષ ચાલતું હતું.

દયાનંદ એટલે આધ્યાત્મિક ક્રિયાશીલતા

આ દયાનંદ પ્રકાશનો સૈનિક છે, ઈશ્વરની દુનિયામાં એક યોદ્ધો છે, મનુષ્યો અને સંસ્થાઓનો શિલ્પી છે અને પ્રકૃતિ આત્મા સમક્ષ જે મુશ્કેલીઓ ખડી કરે છે તેનો વીર અને અદમ્ય વિજેતા છે. સારાંશ રૂપે કહીશ કે આ બધાંની મારા ઉપર જો કોઈ સૌથી મજબૂત છાપ પડતી હોય તો એ છે - આધ્યાત્મિક ક્રિયાશીલતાની. સામાન્ય રીતે 'આધ્યાત્મિકતા' અને 'ક્રિયાશીલતા' આ બંને શબ્દોને આપણી વિભાવનાઓમાં એકબીજાથી સંપૂર્ણપણે વિરુદ્ધ ગણવામાં આવે છે, પરંતુ આ બે શબ્દોનો એકસાથે ઉપયોગ કરવો એ જ મને દયાનંદની સાચી વ્યાખ્યા લાગે છે. ...વેદોની વ્યાખ્યા અંગે હું દૃઢતાપૂર્વક માનું છું કે, વેદોની અંતિમ સર્વાંગપૂર્ણ વ્યાખ્યા ભલે ગમે તે હોય, પરંતુ એ માટેનાં સાચાં સૂત્રોના સર્વપ્રથમ આવિષ્કારક રૂપે દયાનંદ હંમેશને માટે આદરણીય બની રહેશે. એ તેમની જ પ્રત્યક્ષદર્શી દૃષ્ટિ હતી, જે પુરાતન અજ્ઞાન અને યુગવ્યાપી ભ્રાંતિઓની અવ્યવસ્થા અને અંધકારને ભેદીને સીધી જ સત્યના મર્મ સુધી પહોંચી હતી અને જે સારતત્ત્વ હતું તેની પર જઈને સ્થિર થઈ હતી. તેમણે યુગોથી જે દરવાજા બંધ પડ્યા હતા તેની ચાવીઓ શોધી કાઢી અને બંધ ઝરણાંના મુખ પર જે મહોર મારી હતી તેને તોડીને ફેંકી દીધી.

- શ્રી અરવિંદ

•••